BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## ડિપ્લોમા - બૌદ્ધિક સંપત્તિ અને સાયબર અપરાધ
## Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

**સેમેસ્ટર – 2**

**પેપર - DIPACC - 7**

**બૌદ્ધિક સંપદાનો અમલ, ઉલ્લંઘન અને ઉપાયો**

**(Enforcement, Infringement and Remedies of Intellectual Property)**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

## DIPACC - Paper – 7 - બૌદ્ધિક સંપદાનો અમલ, ઉલ્લંઘન અને ઉપાયો

## (Enforcement, Infringement and Remedies of Intellectual Property)


**નિર્દેશન**

**પ્રો. યોગેન્દ્ર પારેખ** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

**સંપાદક**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** DIPACC કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. અરૂંધતી દાસાણી** આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**સુશ્રી સત્યા એસ. પોગારૂ** પેટન્ટ એજન્ટ, પાર્ટનર અને વાઇસ-પ્રેસિડેન્ટ, એન્જીનિયર અને સોફ્ટવેર ગ્રુપ, લેક્સપર્ટ કોન્સિલિયમ એલએલપી, અમદાવાદ

**લેખન**

**ડૉ. અરૂંધતી દાસાણી** આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, રાજકોટ

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય પરામર્શન**

**ડૉ. વિમલકુમાર પરમાર** આચાર્ય, શ્રી કે. પી. શાહ લો કોલેજ, અરવિંદ માર્ગ, જામનગર

**ભાષા પરામર્શન**

**પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2025: પ્રથમ આવૃત્તિ**

**ISBN NO:** **978-93-5598-692-4**

978-93-5598-692-4



: સર્વાધિકાર સુરક્ષિત :

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**DIPACC – સેમેસ્ટર – 2**

**પાઠ્યક્રમ – 7 બૌદ્ધિક સંપદાનો અમલ, ઉલ્લંઘન અને ઉપાયો**

**(Enforcement, Infringement and Remedies of Intellectual Property)**

**એકમ-1**

**બૌદ્ધિક સંપત્તિનું અમલીકરણ** **01**

**એકમ-2**

**બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન)** **10**

**એકમ-3**

**ભંગ (ઉલ્લંઘન)નો ઉપચાર** **16**

**એકમ-4**

**વિરોધભાસ, રદ્દીકરણ અને સુધારો** **29**

**એકમ-5**

**કેસ અભ્યાસ** **40**

**Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)**
**DIPACC - Paper – 7 - બૌદ્ધિક સંપદાનો અમલ, ઉલ્લંઘન અને ઉપાયો**
**(Enforcement, Infringement and Remedies of Intellectual Property)**

## વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, બૌદ્ધિક સંપત્તિ કાયદા અને તેની સાથે જોડાયેલા મુદ્દાઓનું ઊંડાણપૂર્વક જ્ઞાન અને માહિતી આપવાના મુખ્ય ઉદ્દેશ્યથી DIPACC - Paper – 7 - બૌદ્ધિક સંપદાનો અમલ, ઉલ્લંઘન અને ઉપાયો (Enforcement, Infringement and Remedies of Intellectual Property) પાઠ્યક્રમનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પાઠ્યક્રમ દ્વારા બૌદ્ધિક સંપત્તિના અધિકારોની સુરક્ષા, ઉલ્લંઘનના ઘટકો અને ઉલ્લંઘનના ઉપાયો અંગે સમજ આપેલ છે. સાથે જ, કેસ અભ્યાસ દ્વારા વાસ્તવિક જીવનના ઉદાહરણો પર આધારિત માહિતી મળી શકે તે માટે સક્ષમ બનાવવાનો પણ હેતુ રહેલ છે.

વિદ્યાર્થીમિત્રો, પ્રથમ એકમ - બૌદ્ધિક સંપત્તિનું અમલીકરણ દ્વારા બૌદ્ધિક સંપત્તિના અધિકારોના અમલીકરણ વિશેની મૂળભૂત સમજણ આપવામાં આવેલ છે. તેમાંથી બૌદ્ધિક સંપત્તિના સુરક્ષા માળખા અને તેની અમલીકરણ પ્રક્રિયાના મહત્વ વિશે શીખશો.

બીજા એકમ - બૌદ્ધિક સંપત્તિનો ઉલ્લંઘનમાં મુખ્યત્વે બૌદ્ધિક સંપત્તિના ઉલ્લંઘનનો અર્થ, વ્યાખ્યા, કોપીરાઈટ ઉલ્લંઘન, પેટન્ટ ઉલ્લંઘન વિશે માહિતી આપેલ છે. તેમાં ઉલ્લંઘનના કાયદાકીય માપદંડો અને ઉલ્લંઘનના ઉદાહરણો વિશે શીખશો.

ત્રીજા એકમ - ઉલ્લંઘનનો ઉપચારમાં ઉલ્લંઘનના ઉપચાર વિશેના વિવિધ કાયદાકીય ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે. કોપીરાઈટ ઉલ્લંઘન ઉપચાર, ટ્રેડમાર્ક ઉલ્લંઘન ઉપચાર વગેરેની વિસ્તૃત જાણકારી આપેલ છે.

ચોથા એકમ - વિરોધાભાસ, રદ્દીકરણ અને સુધારામાં, બૌદ્ધિક સંપત્તિ સંબંધિત વિરોધાભાસ, રદ્દીકરણ અને સુધારાના કાનૂની પાસાઓની સમજણ દર્શાવેલ છે. બૌદ્ધિક સંપત્તિ ઉલ્લંઘન અને દંડને અસર કરતા પરિબળો, કંપની દ્વારા બૌદ્ધિક સંપત્તિના પાલન વિશે શીખશો.

વિદ્યાર્થીમિત્રો, પાંચમા એકમ - કેસ અભ્યાસમાં વાસ્તવિક જીવનના ઉદાહરણો પર આધારિત મહત્વપૂર્ણ કેસ અભ્યાસો દર્શાવેલ છે. જે દ્વારા બૌદ્ધિક સંપત્તિના અમલ, ઉલ્લંઘન અને ઉપાયો સાથે સંકળાયેલા કાનૂની અભ્યાસ વિશે સમજૂતી મેળવી શકશો.

એકમ 1

# બૌદ્ધિક સંપત્તિનું અમલીકરણ

-: રૂપરેખા :-

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ભારતમાં બૌદ્ધિક સંપત્તિની નોંધણી અને અમલીકરણ**

**1.3 કસ્ટમ સત્તાધિકારીઓની ભૂમિકા**

**1.4 કેન્દ્ર અને રાજ્ય પોલીસની ભૂમિકા**

**1.5 રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ અધિકાર નીતિ**

**1.6 બૌદ્ધિક સંપત્તિ અમલીકરણ નિયમો - 2007**

**1.7 સારાંશ**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 ચાવીરૂપ શબ્દો**

**1.10 સંદર્ભ સૂચિ**

## 1.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- બૌદ્ધિક સંપત્તિની નોંધણી અને અમલીકરણની પ્રક્રિયા સમજી શકશો.
- કસ્ટમ સત્તાધિકારીઓની ભૂમિકા જાણી શકશો.
- કેન્દ્ર અને રાજ્ય પોલિસની ભૂમિકા સમજી શકશો.

## 1.1 પ્રસ્તાવના :-

બૌદ્ધિક સંપત્તિ પદ્ધતિનો હેતુ આર્થિક તેમજ સામાજિક કલ્યાણ માટે યોગ્ય ફાળો આપવા માટેનો હોય તો તેનું અમલીકરણ ખૂબ જ સ્પષ્ટ, અસરકારક, સમયસર, સુલભ રીતે થવો જોઈએ. ટ્રિપ્સ સમજૂતી દ્વારા આ સિદ્ધાંતને ખૂબ જ સારો બહુપક્ષીય પ્રતિસાદ મળ્યો છે. W.T.O ના સભ્ય દ્વારા આ માટે સંતુલિત અસરકારક અને વ્યાજબી પ્રક્રિયા કે જેમાં યોગ્ય ઉપચારો, ગેરઉપયોગ સામે રક્ષણ અને કાયદેસર વેપાર પર થતા અવરોધ દૂર કરતી બાબતે નિયમો ઘડવામાં આવ્યા.

## 1.2 ભારતમાં બૌદ્ધિક સંપત્તિની નોંધણી અને અમલીકરણ :

વિશ્વ બૌદ્ધિક સંપત્તિ સંગઠન (ડબલ્યુ.આઈ.પી.ઓ)ના અનુસાર, બૌદ્ધિક સંપત્તિ મનની રચનાઓને સંદર્ભિત કરે છે. શોધ, સાહિત્યિક અને કલાત્મક કાર્યો અને વાણિજ્યમાં વપરાયેલ પ્રતીકો, નામો અને છબીઓનો સમાવેશ થાય છે. જેને બે કેટેગરીમાં વહેંચી શકાય.

1. જેમાં ઔદ્યોગિક સંપત્તિ એટલે પેટન્ટ ઔદ્યોગિક ડિઝાઈન, ટ્રેડમાર્ક અને ભૌગોલિક સંકેતોના સમાવેશ થાય છે.
2. કોપીરાઈટ કે જેમાં સાહિત્યિક કાર્યો, (દા.ત. નવલકથાઓ, કવિતાઓ વગેરે), સંગીત અથવા કોઈપણ અન્ય કલાત્મક કૃતિઓને આવરી લેવામાં આવે છે.

આ પ્રકારની બૌદ્ધિક સંપત્તિના શોધક, માલિક અથવા લેખક તરીકે તેમને અન્ય કોઈપણ સ્થાવર કે જંગમ મિલકત પર મળતા અધિકાર મુજબ અધિકાર મળે છે.

કોઈપણ અન્ય વ્યક્તિ અથવા કાનુની અસ્તિત્ત્વ ધરાવતું એકમ તેનો ઉપયોગ તમારી પરવાનગી વિના, યોગ્ય ક્રેડિટ આવ્યા વગર, નાણાકીય વળતર આવ્યા વગર તેનો ઉપયોગ કરી શકે નહિ.

કાયદાકીય રૂપે આવા અધિકારને અમલમાં મૂકવા માટે તમારે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ પેટન્ટ, ડિઝાઈન્સ અને ટ્રેડ માર્ક્સના કન્ટ્રોલર જનરલ સાથે તમારી રચનાની નોંધણી કરવાની જરૂર રહે છે.

તમારી એપ્લિકેશનમાં ફાઈલ શક્ય હોય તેટલી વહેલી તકે અરજી કરો, કારણ કે બૌદ્ધિક સંપત્તિના નોંધણી માટે ફર્સ્ટ-ટુ-ફાઈલ નિયમ ખૂબ મહત્ત્વનું છે. જ્યારે બે અથવા વધુ એપ્લિકેશન સમાન હશે તો ફક્ત પ્રથમ એપ્લિકેશનને મહત્ત્વ આપવામાં આવશે.

❖ **પેટન્ટ :-**

નોંધણી માટે અરજી એકલા અથવા સંયુક્ત રીતે અથવા સોંપાયેલ કાનૂની પ્રતિનિધિ દ્વારા શોધકર્તા દ્વારા સંબંધિત પ્રાદેશિક અધિકારક્ષેત્રની પેટન્ટ ઓફિસમાં ફાઈલ કરવાની રહેશે. સમજવાની એક અગત્યની બાબત એ છે કે આ અધિકારો પ્રાકૃતિક છે અને તે જેતે અધિકારક્ષેત્રની આગળ વધતો નથી જેના માટે એટલે કે જે ક્ષેત્રમાં તેને મંજૂરી આપવામાં આવે છે, જો તમે બૌદ્ધિક સંપત્તિનો અધિકાર જુદા જુદા દેશોમાં અનામત રાખવા. માંગતા હોય, તો તમે સીધા સંબંધિત દેશોમાં અલગ અરજી ફાઈલ કરી શકો છો અથવા પેટન્ટ કોર્પોરેશન ટ્રીટી. અંતર્ગત ફોર્મ-I માં એક સાથે ફાઈલ કરી શકો છો.

❖ **ઔદ્યોગિક ડિઝાઈન :-**

ભારત સરકાર હેઠળ પેટન્ટ્સ ઓફિસ ડિઝાઈનીંગ વિગત નોંધણી પ્રક્રિયા ચલાવે છે. ઓનલાઈન નોંધણી માટેની પ્રક્રિયામાં વ્યક્તિ, એક એકાઉન્ટ બનાવવાની એપ્લિકેશન ફોર્મ ભરવાનું હોય છે અને ફોર્મ 5 અને 44 માં ડિજિટલ સહી કરવાની રહેશે અને યોગ્ય ફીની ચુકવણી કરવાની રહેશે.

❖ **ટ્રેડમાર્ક :-**

કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ ડિઝાઈન્સ અને ટ્રેડ માર્ક્સ હેઠળનો ટ્રેડમાર્ક વિભાગ, ભારતમાં ટ્રેડમાર્કનું સંચાલન કરે છે. નોંધણીની પ્રક્રિયા ઓનલાઈન છે અને તે 10 વર્ષ માટે માન્ય છે, બીજા 10 વર્ષ માટે સમાન નવીનીકરણ નોંધાવવાનો વિકલ્પ છે.

❖ **કોપીરાઈટ :-**

કોપીરાઈટ સંરક્ષણ મેળવવું ફરજિયાત નથી પરંતુ તેમ કરવું હંમેશાં સલાહભર્યું છે

કારણ કે તે તેના માલિકને તેના કાર્ય પર લઘુત્તમ અધિકારોનો ચોક્કસ સમુહ અને સુરક્ષા આપશે અને આપેલ સમયગાળા દરમ્યાન કોઈપણ વ્યક્તિ તેની નકલ કરી શકશે નહિં. આ સંતોષ હંમેશાં માલિકને વધુ કામ કરવા અને વધુ સારું સંશોધન કરવા પ્રોત્સાહિત કરશે.

ફોર્મ IVના ફોર્મેટમાં એપ્લિકેશન (તમામ વિગતો અને વિગતોના નિવેદનો સહિત)ને રજિસ્ટ્રારને જરૂરી ફીની સાથે મોકલવી પડશે. (અધિનિયમની સૂચિ-૨માં ઉલ્લેખિત) અલગ કામ માટે અલગ અરજી કરવાની રહેશે.

⇨ **બૌદ્ધિક સંપત્તિ નોંધણીની પ્રક્રિયા :**




## 1.3 કસ્ટમ સત્તાધિકારીઓની ભૂમિકા :

હાલના સમયમાં બૌદ્ધિક સંપત્તિનું ઉલ્લંઘન કરતી માલના પ્રવેશથી સરહદોનું રક્ષણ કરીને બૌદ્ધિક સંપત્તિનો અમલ કરવામાં કસ્ટમ સત્તાધિશો મહત્ત્વ પ્રાપ્ત કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય વેપાર વધતા જતા, કસ્ટમ્સ પાસે સરહદ નિયંત્રણ અને બૌદ્ધિક સંપત્તિ સંરક્ષણની વ્યાપક જવાબદારી છે, કારણ કે સરહદ પર ઉલ્લંઘન કરતી ચીજોને જપ્ત કરવા કરતા બૌદ્ધિક સંપત્તિ સુરક્ષા માટે આજ એક વધુ સલામત રસ્તો છે.

➢ **કસ્ટમ્સ એક્ટ, 1962 હેઠળ કાનૂની માળખું :**

કસ્ટમ્સ એક્ટ, 1962 હેઠળ બૌદ્ધિક સંપત્તિનું ઉલ્લંઘન કરતી ચીજોની આયાત પર પ્રતિબંધ છે. અધિનિયમની કલમ 11(2) માં ઉલ્લેખિત હેતુઓ માટે, જાહેરનામું બહાર પાડીને કોઈપણ વર્ણના માલની આયાત અથવા નિકાસ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે. એક્ટની

કલમ 11(1) સાથે વાંચેલી કલમ 11(2) (એમ), કેન્દ્ર સરકારને પેટન્ટ, ટ્રેડમાર્ક્સ અને કોપીરાઈટ્સના રક્ષણ માટે માલની આયાત અથવા નિકાસ પર પ્રતિબંધ મુકવાની સત્તા આવે છે. કલમ 11(2) (યુ) એ અમલમાં હોવાને કારણે કોઈ પણ કાયદાના ઉલ્લંઘનને રોકવા માટે પ્રતિબંધ આવરી લે છે. એક્ટની કલમ 111 અને 113 મુજબ કસ્ટમ્સને અનુક્રમે અયોગ્ય રીતે આયાત કરેલી અને નિકાસ કરેલી ચીજો જપ્ત કરવાની સત્તા આપે છે.

➢ **બૌદ્ધિક સંપત્તિ હક્કો (આયાત કરેલી ચીજો) અમલીકરણ નિયમો, 2007 હેઠળ કાર્યવાહી :**

મે, 2007 ના રોજ, કેન્દ્ર સરકાર દ્વારા સૂચના નંબર 49/2007 કસ્ટમ્સ (એન.ટી) હેઠળ, બૌદ્ધિક સંપત્તિ અધિકાર (આયાત કરેલી ચીજો) અમલીકરણ નિયમ, 2007માં ઉલ્લેખિત શરતો અને કાર્યવાહીને આધીન, નીચેના માલની આયાત પર પ્રતિબંધ મુક્યો હતો. જેમ કે ટ્રેડ માર્ક્સ એક્ટ, 1999ની કલમ 102માં ઉલ્લેખિત મુજબ માલ ત્યાં ખોટા વેપાર માર્ક લાગુ કરાયો છે. વેપાર માલ અધિનિયમ, 1999ના વિભાગ 2ના પેટા કલમ(1)ના કલમ (i)ના અર્થમાં ખોટા વેપાર વર્ણન પર લાગુ માલ, માલ ભારતની મર્યાદાથી આગળ બનાવેલ અથવા ઉત્પાદિત છે અને વેચાણ માટે બનાવાયેલ છે, અને ત્યાં એક ડિઝાઈન લાગુ કરી છે. જેમાં ડિઝાઈન એક્ટ, 2000 હેઠળ કોપીરાઈટ અસ્તિત્વમાં છે. ઉત્પાદન અથવા ભારતની મર્યાદાથી આગળ ઉત્પાદન અને વેચાણ માટે બનાવાયેલ જે માટે પેટન્ટ એક્ટ 1970 હેઠળ પેટન્ટ અમલમાં છે. માલના ભૌગોલિક સૂચકો (નોંધણી અને સુરક્ષા) અધિનિયમ, 1999ના વિભાગ 38 ના અર્થમાં ખોટા ભૌગોલિક સંકેત પર લાગુ કરાયેલા માલ, માલ કે જે કોપીરાઈટ એક્ટ 1956 ની કલમ 53 હેઠળ કોપીરાઈટ રજીસ્ટ્રાર દ્વારા જારી કરાયેલા ઓર્ડરની રજૂઆત દ્વારા આયાત કરવા પર પ્રતિબંધ છે.

કેન્દ્ર સરકારે જે તે તારીખે "બૌદ્ધિક સંપત્તિ હક્કો (આયાતી ચીજવસ્તુઓ) અમલી કરણ નિયમ 2007" મોં પણ સૂચિત કર્યું હતું. કે આ નિયમોને સીમાઓ પર બૌદ્ધિક સંપત્તિ હક્કોના રક્ષણ માટે પ્રદાન કરવામાં આવતી કાનૂની અને કારોબારી માર્ગદર્શિકાને મજબૂત કરવાના દૃષ્ટિકોણથી સૂચિત કરવામાં આવે

## 1.4 કેન્દ્ર અને રાજ્ય પોલીસની ભૂમિકા :

કાયદા અમલીકરણ સત્તાધીસોની મદદથી બૌદ્ધિક સંપત્તિને અસરકાર રીતે સુરક્ષિત કરી શકાય છે. ભારતમાં તાજેતરમાં આઈપીના અમલીકરણને મજબૂત કરવા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. દેશભરતમાં કેન્દ્ર અને રાજ્ય પોલીસ દળો સહિત વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા નકલી અને પાઈરેસી વિરોધી પ્રવૃત્તિઓ જોરશોરથી ચલાવવામાં આવી છે.

કેન્દ્રીય પોલીસ અધિકારીઓ ગૃહ મંત્રાલયના નેતૃત્વ હેઠળ આવે છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન હેઠળની વિશેષ ફેડરલ એજન્સી આર્થિક ગુનાની વિંગ (EOW) બનાવટી, ચાંચિયાગીરી અને સાયબર ક્રાઈમ્સ જેવા બૌદ્ધિક સંપત્તિના વિશિષ્ટ ક્ષેત્રો સાથે સંબંધિત છે. અને બધાજ સ્તરે આઈ.પી. રાઈટ્સના ઉલ્લંઘનોની તપાસ અને કાર્યવાહી ચલાવે છે. EOW ની સ્થાપના 1964 માં થઈ હતી પરંતુ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ 1964 ની કલમ 3 માં સૂચિબદ્ધ ગુનાઓ અને કાયદાકીય કાર્યવાહી માટે 1994 માં સંપૂર્ણ કામગીરી શરૂ કરી હતી. જેમાં બૌદ્ધિક સંપત્તિ પણ સામેલ છે. EOW ફક્ત જટિલ કેસોની તપાસ કરે છે, અને તેવી તપાસમાં વિવિધ સ્ત્રોતોમાંથી એકત્રિત કરવામાં આવેલા દસ્તાવેજોના સંગ્રહ અને વિશ્લેષણનો સમાવેશ થાય છે.

ઘણા સંઘીય દેશોની જેમ, ભારતીય બંધારણ પણ ફરજિયાત કરે છે કે રાજ્ય કાયદો અને વ્યવસ્થા ચલાવે છે, તેથી, મોટાભાગની પોલીસીંગ સંબંધિત સરકારી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા થાય છે.

જ્યારે કોઈ આઈપી રાઈટનું ઉલ્લંઘન થાય છે, ત્યારે અધિકાર ધારક રાજ્ય પોલીસ અધિકારીઓને તેના આઈપીની અધિકાર નીચે મુજબ અમલમાં મુકે છે.

- ⇨ અધિકારધારક અથવા અધિકૃત પ્રતિનિધિ, અધિકારીઓના ઉલ્લંઘન અંગેની પ્રથમ માહિતી અહેવાલના રુપમાં સ્થાનિક પોલીસ અધિકારીને સત્તાવાર લેખિત ફરિયાદ નોંધાવી શકે. અથવા
- ⇨ અધિકારધારક મેજિસ્ટ્રેટનો સંપર્ક કરી ફોજદારી ફરિયાદ નોંધાવી શકે છે. જેથી સક્ષમ કોર્ટ પોલીસને આ મામલે વધુ તપાસ માટે નિર્દેશિત કરશે.
- ⇨ આઈ.પી. રાઈટ્સ કાનૂનમાં સુચિબદ્ધ વિશિષ્ટ ગુનાઓ ઉપરાંત, ઓછામાં ઓછા ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ અથવા સબ ઈન્સ્પેક્ટરનો હોદ્દો ધરાવતા પોલીસ અધિકારીને ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને ભૌગોલિક સંકેતોના સંબંધમાં શોધ અને જપ્તી કરવાનો અધિકાર છે.
- ⇨ પોલીસ ઉલ્લંઘન કરતી ચીજોને પોલીસ મથકમાં જમા કરે છે, આરોપીને કોર્ટ સમક્ષ લાવે છે. અને પુરાવા રુપે ઉલ્લંઘન કરતી ચીજોનો નમૂના કોર્ટ સમક્ષ રજૂ કરે છે. કોર્ટના આદેશ પર, પોલીસ કા. તો ઉલ્લંઘન કરતી ચીજોનો નિકાલ કરે છે. અથવા અધિકાર ધારકને આપે છે.
- ⇨ શોધ અને જપ્તી બાદ પોલીસને ઉલ્લંઘનના સ્ત્રોતને ઓળખવાની અને સરકારી વકીલ અને અધિકાર ધારકના ઈનપુટ સાથે ચાર્જશીટ તૈયાર કરવાની વધારાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

આમ પોલીસ અધિકારીઓની ભૂમિકા આઈ.પી. સુરક્ષા અને અમલીકરણમાં સર્વોચ્ચ છે. આઈ.પી. રાઈટ્સ સ્વાભાવિક રીતે સ્વભાવમાં ગતિશીલ હોય છે. અને તેમના અસરકારક અમલ માટે પોલીસ અધિકારીઓ કાયદેસર અને તકનીકી સમસ્યાઓ સાથે કામ કરતી વખતે તકનીકો અને પદ્ધતિઓને સતત અપગ્રેડ કરે છે. તાજેતરમાં પોલીસે આ સંદર્ભે ઘણી પહેલ કરી છે. અને અધિકારીઓને અસરકારક અને ઝડપી રક્ષણ અને અમલીકરણની દૃષ્ટિએ અધિકારીઓમાં વિશ્વાસ વિકસાવી રહ્યા છે.

## 1.5 રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ અધિકાર :

"Creative India; Innovative India"

"રચનાત્મક ભારત; અભિનવ ભારત"

કેન્દ્રીય કેબિનેટ 12મી મે, 2016ના રોજ રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ અધિકાર (આઈ.પી.આર) નીતિને મંજૂરી આપી છે, જે ભારતમાં આઈ.પી.આર માટે ભાવિ માર્ગદર્શિકા મુકશે. નીતિ ભારતમાં વહેતી સર્જનાત્મકતા અને નવીન શક્તિઓની વિપુલતાને માન્યતા આપે છે. અને આ શક્તિઓને બધાના સારા અને ઉજ્જવળ ભાવિ તરફ દોરવાની જરૂર છે.

રાષ્ટ્રીય આઈ.પી.આર નીતિએ એક વિઝન દસ્તાવેજ છે જે એક પ્લેટફોર્મ પર આવે છે અને તમામ આઈ.પી.આર ને સર્વગ્રાહી દૃષ્ટિએ જોઈ આંતર જોડાણો ધ્યાનમાં લે છે. અને આ રીતે બૌદ્ધિક સંપત્તિ (આઈ.પી., સંબંધિત કાયદાઓ અને એજન્સીઓના તમામ સ્વરુપો વચ્ચે સુમેળ બનાવવા અને તેનો શોષણ રોકવાનો છે, તે અમલમા મુકવા, દેખરેખ અને સમીક્ષા માટે એક સંસ્થાકીય પદ્ધતિ ગોઠવે છે. તેનો ઉદ્દેશ વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓને ભારતીય દૃશ્યમાં સમાવવા અને અનુરુપ બનાવવાનો છે.

➢ **રાષ્ટ્રીય આઈ.પી.આર નીતિ 2016 :**

સર્જનાત્મકતા અને નવીનતા કોઈ દેશની આર્થિક દૃષ્ટિએ એકમાત્ર વિકાસનો માર્ગ બની રહ્યો છે. ભારતના બૌદ્ધિક સંપત્તિના સંપૂર્ણ શક્તિશાળી આર્થિક વિકાસ અને સામાજિક-સાંસ્કૃતિક વિકાસ જ્યારે જાહેર હિતની સુરક્ષા માટે આઈ.પી.આર નીતિ બનાવવાની જરૂરિયાત હતી.

➢ **દીર્ઘ દૃષ્ટિ :**

એક એવુ ભારત જ્યાં સર્જનાત્મકતા અને નવીનતા બાબતે વિકાસના દ્વાર હંમેશાં ખુલ્લા હોય. બૌદ્ધિક સંપત્તિને દરેક બાજુથી પ્રોત્સાહન મળે પછી ભલે તે કોઈપણ તકનીકી, પ્રગતિ કલા કૌશલ્ય વ્યવસાયિક, જ્ઞાન-વિજ્ઞાન કોઈપણ ક્ષેત્ર હોય.

➢ **ધ્યેય :**

ભારતમાં બૌદ્ધિક સંપત્તિ ક્ષેત્રે ગતિશીલ, વાઈબ્રેન્ટ અને સંતુલિત સ્થિતિ બંને દરેક ક્ષેત્રે સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને વધારવા, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવું, આરોગ્ય-સંભાળ, ખોરાક વગેરે ક્ષેત્રે વધુ ધ્યાન કેન્દ્રિત કરવું, સુરક્ષા અને પર્યાવરણીય સંરક્ષણ ને પણ મહત્ત્વપૂર્ણ સામાજિક ક્ષેત્રો ગણી ધ્યાને લેવા આ પોલીસી ને મુખ્યત્વે સાત હેતુઓ છે જેમ કે

1. આઈ.પી.આર. જાગૃતિ - પહોંચ-પ્રોત્સાહન
2. આઈ.પી.આર. સર્જન
3. કાનૂની અને કાયદાકીય માળખું
4. વહીવટ અને સંચાલન
5. આઈ.પી.આર નું વ્યાપારીકરણ
6. અમલીકરણ અને નિર્ણય
7. માનવ મૂડી વિકાસ

હાલની આઈ.પી. પોલીસીનો હેતુ વિવિધ વ્યૂહાત્મક યોજનાઓ દ્વારા વિકાસનો માર્ગ બહોળો કરવો વિવિધ તબક્કે કાનૂની સંચાલન, અમલીકરણ જ્યારે બાબત ઉપસ્થિત થાય ત્યારે સીધુ અને સહેલો ઉપાય યોજવો અને જેથી લોકો આ વિકાસ જોઈ વધુને વધુ સર્જનાત્મકતા તરફ દોરવાય આર્થિક વિકાસની નજીક પહોંચે એવો રહ્યો છે.

## 1.6 બૌદ્ધિક સંપત્તિ અમલીકરણ નિયમો - 2007 :

આપણે 1.2 અંતર્ગત આઈ.પી.આર અમલીકરણ નિયમ-2007 ની પરિચય રૂપે તો જોઈ ગયા. અત્યારના મુદ્દા મા તેની પ્રક્રિયા વિશે ચર્ચા કરીશું.

બૌદ્ધિક સંપત્તિનો અધિકારધારક કસ્ટમર કમિશનર અથવા કમિશનર દ્વારા આ વતી અધિકૃત કોઈપણ કસ્ટમ્સ અધિકારીને લેખિતમાં નોટિસ આપી શકે છે, જેમાં બૌદ્ધિક સંપત્તિ હકોનું ઉલ્લંઘન કરનારા શંકાસ્પદ માલની મંજૂરીને સ્થગિત કરવાની વિનંતી કરી શકે છે, આવી નોટિસ નિયમોના જોડાણમાં સૂચવવામાં આવેલ ફોર્મેટમાં આપવામાં આવશે અને નોટિસમાં જરૂરી બધી માહિતી 15 દિવસની અંદર રજૂ કરવાની રહેશે.

આવી નોટિસ પ્રાપ્ત થયાને 30 કાર્યકારી દિવસમાં મંજુર કે નામંજૂર થવી જોઈએ. તેમજ નોટિસ સાથે જરૂરી એવા દસ્તાવેજો અને માહિતી પુરી પાડવા માટે 15 દિવસની વધુ મુદત આપી શકાય છે. ઓછામાં ઓછી માન્યતાની અવધિ એક વર્ષની રહેશે સિવાય કે નોટિસ અથવા અધિકારધારક અથવા તેના અધિકૃત પ્રતિનિધિ કમિશનર દ્વારા યોગ્ય ગણાય તેટલી

જામીન અને સલામતી સાથે કસ્ટમ્સ કમિશનર સાથે બોન્ડ ચલાવશે આયાત કરનાર, માલવાહક અને માલના માલિક અને તમામ જવાબદારીઓ સામે સક્ષમ અધિકારીઓની સુરક્ષા હાથ ધરશે અને વિનાશ, નિકાલ અને નિકાલના સમયગાળા સુધી લેવામાં આવતા વિનાશ, ડિમેરજ અને અટકાયત ખર્ચ સહન કરવા માટે હુકમ કરશે.

અધિકારધારક કથિત ઉલ્લંઘન કરતી ચીજોના પ્રકાશનના કિસ્સામાં સસ્પેન્શનને કારણે, તમામ જવાબદારીઓ અને ખર્ચ સામે કસ્ટમ્સના કમિશનરને બોન્ડ ચલાવશે.

જો કસ્ટમ્સના નાયબ મદદનીશ કમિશનરને એવું માનવાનું કારણ હોય કે આયાત કરેલી માલ બૌદ્ધિક સંપત્તિના અધિકારનું ઉલ્લંઘન કરતી ચીજો હોવાનું માનવામાં આવે તો કસ્ટમ અધિકારીઓ શંકાસ્પદ માલની મંજૂરીને સ્થગિત કરી શકે છે અને તુરંત જ આયાત કરનારને અને માલના ક્લિયરન્સના સસ્પેન્શન અંગે અધિકારધારકને જાણ કરશે અને તેના કારણે જણાવશે.

કસ્ટમ્સના નાયબ, મદદનીશ કમિશનર નક્કી કરે છે કે અટકાયત કરેલી અથવા કબજે કરેલી માલ બૌદ્ધિક સંપત્તિ હકોનું ઉલ્લંઘન કરે છે. અને કસ્ટમ્સ એક્ટ, 1962ની કલમ 111(ડી) હેઠળ જપ્ત કરવામાં આવી છે, તો તે આવા માલને સત્તાવાર દેખરેખ હેઠળ નાશ કરશે અથવા તેનો નિકાલ કરશે.

કસ્ટમ્સ બૌદ્ધિક સંપત્તિના રેકોર્ડિંગ માટે વિશિષ્ટ વેબસાઈટ પ્રદાન કરે છે. આ સાથે, તેઓએ આ જોખમ સંચાલન વિભાગ સાથે આઈ.પી. રેકોર્ડિંગ ડેટાબેશને અધિકૃત કર્યું છે, આયાત કરેલા કાર્ગો સાથે કામ કરતા અધિકારીઓ સાથે વાતચીત કરવાનું સરળ અને અસરકારક બનાવ્યું છે. આવા રેકોર્ડિંકલ આધારે, કસ્ટમ્સે સફળતાપૂર્વક જપ્તી કરી અને એન્ફોર્સમેન્ટ રુલ્સ અંતર્ગત કસ્ટમ્સને સંબંધિત બાબતે નિર્ણયની સત્તા પણ આપવામાં આવી છે.

આમ, એકમ-1 હેઠળ આપણે ‘બૌદ્ધિક સંપત્તિ અમલીકરણ વિષય અંતર્ગત, ભારતમાં બૌદ્ધિક સંપત્તિ અધિકારની નોંધણી તેમજ અમલીકરણ જોયું, કસ્ટમ સત્તાધીશોની સત્તા વિશે વિસ્તૃત ચર્ચા કરી. કેન્દ્ર અને રાજયના બૌદ્ધિક સંપત્તિ અમલીકરણ અંગેની ભૂમિકા સ્પષ્ટરીતે સમજી, રાષ્ટ્રીય આઈ.પી.આર નિતીનો પરિચય અને હેતુ વિશે જાણકારી મેળવી.’

## 1.7 સારાંશ

આજના સમયમાં બૌદ્ધિક સંપત્તિ રક્ષણ એક અગત્યનો અધિકાર છે. એ વખતે તેના આર્થિક રક્ષણ માટે અમલીકરણ ત્યારબાદ જો ભંગ થાય તો એવા સમયે કેવા ઉપચાર મળે તે એકમમાં સમજાવવામાં આવ્યું છે. તેમજ પ્રક્રિયા કેવી રીતે થાય, અધિકૃત વ્યક્તિ કોણ તો ભંગ થાય અને તે પણ નિર્દોષ કે કપટ યુક્ત તે બાબત ધ્યાન રાખી અંગ કરનારને પણ અને જો ઈરાદાપૂર્વક ભંગ હોય તો અધિકારી વ્યક્તિને ઉપચાર પણ પ્રાપ્ત થાય છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

- **બહુવિકલ્પ પ્રશ્નો :**

1. બૌદ્ધિક સંપત્તિ નોંધણી અન્વયે શેની નોંધણી કરાવી શકાય.

   (અ) પેટન્ટ (બ) ટ્રેડમાર્ક

   (ક) કોપીરાઈટ (ડ) ઉપરોક્ત બધા

જવાબ :- (ડ) ઉપરોક્ત બધા

2. બૌદ્ધિક સંપત્તિ નોંધણી પ્રક્રિયામાં કેટલી નકલમાં શાખા કચેરી ખાતે અરજી કરી

શકાય છે.

(અ) ત્રણ (બ) પાંચ

(ક) બે (ડ) ચાર

જવાબ :- (અ) ત્રણ

3. કસ્ટમ સત્તાધિકારીની સત્તા શું છે ?

(અ) આયાત અને નિકાસ પર પ્રતિબંધ મુકવાની

(બ) અયોગ્ય રીતે આયાત કે નિકાસ કરેલી ચીજો જપ્ત કરવાની

(ક) 'અ' અને 'બ' બન્ને

(ડ) ઉપરોક્ત એકપણ નહિ

જવાબ :- (ક) 'અ' અને 'બ' બન્ને

4. EOW - આર્થિક ગુનાની વિંગની સ્થાપના ક્યારે થઈ હતી ?

(અ) 1964 (બ) 1946

(ક) 1994 (ડ) 1985

જવાબ :- (અ) 1964

4. રાષ્ટ્રીય આઈ.પી.આર. નીતિ 2016 ને ક્યારે મંજૂરી મળી

(અ) 12 મી મે, 2016 (બ) 15 મી મે, 2016

(ક) 1 લી એપ્રિલ, 2017 (ડ) 31 માર્ચ, 2020

જવાબ :- (અ) 12 મી મે, 2016

5. આઈ.પી.આર. અમલીકરણ નિયમ 2007 અન્વયે નોટિસ મળ્યેથી કેટલા દિવસમાં મંજૂર કે નામંજૂર થવી જોઈએ.

(અ) 45 દિવસ (બ) 15 દિવસ

(ક) 30 દિવસ (ડ) 10 દિવસ

જવાબ :- (ક) 30 દિવસ

- **સવિસ્તાર જવાબ આપો :**

1. આઈ.પી.આર અમલીકરણ નિયમ 2007 વિશે ચર્ચા કરો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. રાષ્ટ્રીય આઈ.પી.આર. નિતિ 2006 અન્વયે ચર્ચા કરો.

........................................................................

........................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

3. આઈ.પી.આર. અમલીકરણમાં કેન્દ્ર અને રાજ્ય પોલિસની ભૂમિકા સમજાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 1.9 ચાવીરૂપ શબ્દો

- **બૌદ્ધિક સંપત્તિ (Intellectual Property) :** માનવ મગજની સર્જનાત્મકતા દ્વારા ઊભી થયેલી માલિકીની કાનૂની માન્યતા.
- **ઉપચાર (Remedy) :** કાયદેસરની ક્રિયા કે જેનાથી અધિકારનો ભંગ નિવારવા અથવા નુકસાનની ભરપાઇ થાય.
- **અમલ (Enforcement) :** કાયદાના નિયમો અને હક્કોનું પાલન સુનિશ્ચિત કરવા માટેની પ્રતિક્રિયા કે પગલાં.
- **ભંગ (Infringement) :** કાયદા અથવા હક્કોની મર્યાદાનું ઉલ્લંઘન કે જેનાથી બૌદ્ધિક સંપત્તિના અધિકારનું હનન થાય.

## 1.10 સંદર્ભ સૂચિ

1. આઈ.પી.આર. : સંપત્તિનો સંરક્ષણ - જયદીપ પરીખ

2. આઈ.પી.આર. અનેવ્યવસાયિક સંરચનાઓ - ચિરાગ મહેતા

*************************

એકમ 2

# બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન)

**-: રૂપરેખા :-**

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ભંગ (ઉલ્લંઘન)નો અર્થ**

**2.3 વ્યાખ્યા**

**2.4 કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન)**

**2.5 ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન)**

**2.6 પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)**

**2.7 સારાંશ**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 સંદર્ભ સૂચિ**

## 2.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન) વિશે માહિતી મેળવી શકશો.
- કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) વિશે સમજી શકશો.
- ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) વિશે જાણી શકશો.

## 2.1 પ્રસ્તાવના :-

સામાન્ય શબ્દોમાં, બૌદ્ધિક સંપત્તિનું ઉલ્લંઘન એ બૌદ્ધિક સંપત્તિ હક્કોનું કોઈપણ ઉલ્લંઘન છે. આઈ.પી. કાયદા દ્વારા સુરક્ષિત કોઈપણ કાર્યનો ઉપયોગ અથવા નકલ હક ધરાવનાર વ્યક્તિની યોગ્ય પરવાનગી લીધા વિના શોષણ કરવામાં આવે, આ ઉલ્લંઘનના ઉદાહરણો એટલે ''નકલ'' અને ''ચાંચિયાગીરી''

ભંગ (ઉલ્લંઘન) સંદર્ભમાં અધિકાર, કાયદો, નિયમન અથવા કરારનું અતિક્રમણ, ભંગ (ઉલ્લંઘન) અથવા ઉલ્લંઘન, આ શબ્દનો ઉપયોગ કોપીરાઈટ, પેટન્ટ અથવા ટ્રેડમાર્ક દ્વારા સુરક્ષિત અધિકારોના આક્રમણના સંદર્ભમાં થાય છે.

## 2.2 ભંગ (ઉલ્લંઘન)નો અર્થ :

1. ગુનાહિત અથવા ગેરકાયદેસર પ્રવેશ

2. પેટન્ટ (સુરક્ષિત શોધ) અને કોપીરાઈટ્સ (સુરક્ષિત લેખન અથવા ગ્રાફિક્સ)ના કાયદામાં પેટન્ટ, લેખન, ગ્રાફિક અથવા ટ્રેડમાર્ક (વેપાર ચિહ્ન)નો પરવાનગી વગર ઉપયોગ,

નોટિસ વિના, અને ખાસ કરીને રોયલ્ટીની ચુકવણી માટે કરાર કર્યા વિનાનો અયોગ્ય ઉપયોગ તેમાં છતા ઉલ્લંઘન આકસ્મિક હોઈ શકે છે. (કોઈ શોધક વિચારે છે કે તે વિજેટ (widget)વિકસાવવાનો તે પોતે પ્રથમ વ્યક્તિ છે, જો હકીકતમાં કોઈ બીજાની પેટન્ટ છે, તેવા સંજોગોમાં ઉલ્લંઘન કરનાર પક્ષ મૂળ પેટન્ટ અથવા કોપીરાઈટના માલિકને નોંધપાત્ર નુકસાન ચૂકવવા માટે જવાબદાર છે. જે સામાન્ય રોયલ્ટી હોઈ શકે છે. અથવા એકંદર નફો.

હાલના સમયમાં બૌદ્ધિક સંપત્તિનું સામાન્ય રીતે ડુપ્લિકેટ સોફ્ટવેરના ગેરકાયદેસર ઉપયોગ દ્વારા ઉલ્લંઘન કરવામાં આવે છે. જે સોફ્ટવેર પ્રાયવસી તરીકે પણ ઓલખવામાં આવે છે.

## 2.3 વ્યાખ્યા :

- ⇨ ભંગ (ઉલ્લંઘન) એટલે ઉલ્લંઘન અથવા અનધિકૃત કૃત્ય છે.
- ⇨ ભંગ (ઉલ્લંઘન) એટલે એક એવા ક્રિયા જે નિયમ, કાયદો વગેરેને તોડે છે.
- ⇨ દા.ત. કોપીરાઈટનું ઉલ્લંઘન, ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન

## 2.4 કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) :

કોપીરાઈટ ઉલ્લંઘન (દ્વેષપૂર્ણ રુપે) ચાંચિયાગીરી તરીકે ઓળખાય છે. આમાં વપરાશ માટે પરવાનગી વગર કાયદા દ્વારા સુરક્ષિત કરેલા કાર્યોનો ઉપયોગ થાય છે. જ્યા આવી પરવાનગી જરૂરી છે, ત્યાં કોપીરાઈટ ધારકને આપવામાં આવેલા કેટલાક વિશિષ્ટ અધિકારોનું ઉલ્લંઘન છે, જેમ કે પ્રજનન, વિતરણ, પ્રદર્શનનો અધિકાર અથવા વ્યુત્પન કાર્યો કરવામાં આવે છે. કોપીરાઈટ સામાન્ય રીતે કાર્યના નિર્માતા અથવા પ્રકાશક અથવા અન્ય વ્યવસાયમાં હોય છે. કોપીરાઈટ ધારકો નિયમિતપણે કોપીરાઈટના ઉલ્લંઘનને રોકવા અને તેને દંડ આપવા માટે કાનૂની અને તકનીકી ઉપાયોની વિનંતી કરે છે.

કોપીરાઈટનું ઉલ્લંઘન એ કોઈ વ્યક્તિ અથવા સંસ્થાના કોપીરાઈટનું ઉલ્લંઘન છે. કોપીરાઈટ કરેલી સામગ્રી, જેમ કે ટેક્સ્ટ, ફોટા વિડીઓ, સંગીત સોફ્ટવેર અને અન્ય મૂળ સામગ્રીના અનધિકૃત ઉપયોગનું વર્ણન કરે છે. કમ્પ્યુટર ઉદ્યોગમાં, કોપીરાઈટ ઉલ્લંઘન ઘણીવાર સોફ્ટવેર પ્રોગ્રામ્સ એ વેબસાઈટ્સનો ઉલ્લેખ કરે છે.

❖ **ઉદાહરણોમાં :-**

- ⇨ ઉપયોગ માટે યોગ્ય ચુકવણી વિના મૂવીઝ અને સંગીત ડાઉનલોડ કરવું.
- ⇨ થિયેટરમાં મૂવી રેકોર્ડિંગ...
- ⇨ પરવાનગી વિના બ્લોગ માટે અન્યના ફોટોગ્રાફટનો ઉપયોગ કરવો.
- ⇨ યોગ્ય ક્રેડિટ આપ્યા વિના સોફ્ટવેર કોડની કોપી કરવી.

❖ **પરિબળો :-**

કેટલાક પરિબળો અન્ય પક્ષોને કોપીરાઈટના ઉલ્લંઘનમાં સામેલ કરવા તરફ દોરી શકે છે. કારણોમાં અધિકૃત કાર્ય માટેની ઉચ્ચી કિંમત અથવા અધિકૃત કાર્યના પુરવઠા પ્રવેશની બાબત સાબિત થાય છે.

કોપીરાઈટનો કાયદો બેવડી ભૂમિકા અદા કરે છે, વ્યક્તિને તેના કાર્યમાટે મર્યાદિત સમય માટે સુરક્ષિત રાખવા માટે વિશિષ્ટ અધિકારો પ્રદાન કરે છે પરંતુ તે રચનાત્મકતા અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે પણ ખૂબ જ ઉપયોગી બને છે.

કોપીરાઈટમાં બે પ્રકારે ઉલ્લંઘન થાય છે.

પ્રાથમિક અને માધ્યમિક

પ્રાથમિક ઉલ્લંઘનમાં પ્રતિવાદી દ્વારા સીધું ઉલ્લંઘન

માધ્યમિક અથવા ગૌણ ઉલ્લંઘનમાં કોઈપણ બીજા વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહને કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) માટે પ્રેરે છે.

## 2.5 ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) :

ભારતમાં ટ્રેડમાર્ક ઉલ્લંઘન એ ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ની કલમ ૨૯ હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે કોઈ અનઅધિકૃત વ્યક્તિ કોઈ ટ્રેડમાર્કનો ઉપયોગ કરે છે જે રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક સાથે 'સરખા' અથવા 'ભ્રામક રીતે સમાન' હોય છે, ત્યારે તે ઉલ્લંઘન તરીકે ઓળખાય છે. ટ્રેડમાર્ક ઉલ્લંઘન દાવો સ્થાપિત કરવા ત્રણ જરૂરી તત્ત્વો છે. ''ઉપયોગ'', ''વાણિજ્યમાં'' અને ''મૂંઝવણની સંભાવના''

પાસિંગ ઓફનું વિશિષ્ટ વર્ણન ટ્રેડમાર્ક એક્ટમાં આપવામાં આવતું નથી પરંતુ અદાલતોએ તેનો અર્થ સામાન્ય કાયદાથી સમજાવ્યો છે. ટ્રેડમાર્કનું ઉલ્લંઘન એવી રીતે કરવામાં આવે છે કે જ્યા નિશાન માત્ર અન્ય કંપનીના ટ્રેડમાર્ક જેવા જ નહિં પરંતુ સમાન હોય છે. ગ્રાહકો માટે એ મૂંઝવણ પેદા કરે છે. જે આખરે કંપનીના વ્યવસાયને નુકસાન પહોંચાડે છે.

❖ **ઉદાહરણ :-**

ટ્રેડમાર્ક ઉલ્લંઘનનું એક સામાન્ય ઉદાહરણ એ છે કે જ્યાં કપડા ઉત્પાદકો બ્રાન્ડ લેબલને સામાન્ય વસ્તુઓ સાથે જોડે છે, તેમને અધિકૃત તરીકે ''પસાર થવું'' કરવાનો પ્રયાસ કરે છે. ટ્રેડમાર્કના ઉલ્લંઘન ખૂબ ગંભીર છે. તેમાં ઘણીવાર ભ્રામક વેપાર પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

''પાસિંગ ઓફ''ના ત્રણ મૂળ તત્ત્વો છે, પ્રતિષ્ઠા, ખોટી રજૂઆત અને સદ્ભાવનાને નુકસાન છે. આ ત્રણ તત્ત્વો ક્લાસિકલ ટ્રિનિટી તરીકે પણ ઓળખાય છે.

❖ **ઉદાહરણ :-**

રુપા એન્ડ કું. લિ. વિ ડોન, મિલ્સ કું. લિમિટેડના કિસ્સામાં આ કેસમાં પ્રતિવાદી અન્ડરવેરનું ઉત્પાદન કરે છે જે વાદીના ઉત્પાદિત અન્ડરવેર ડોન જેવું જ હતું. જે લોકોના મનમાં મૂંઝવણ પેદા કરી રહ્યું છે કારણ કે લેઆઉટ, મેળવો અને રંગ મિશ્રણ વાદીના ઉત્પાદન માટે સમાન છે.

ઉલ્લંઘન માટેની ક્રિયામાં, વાદી વિવાદમાં નોંધાયેલ વેપાર ચિહ્ન હોવાને કારણે તે માલ સંબંધિત ચિહ્નનો ઉપયોગ કરવાનો એકમાત્ર અધિકાર હોવાનો દાવો કરે છે. જો કે, તેના માલના વ્યક્તિ દ્વારા અન્ય લોકો દ્વારા પાસિંગ ઓફ એટલે કે છેતરપિંડીની ક્રિયા છે.

## 2.6 પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) :

ભારતમાં પેટન્ટ ધારકની પૂર્વ પરવાનગી વિના પેટન્ટની શોધના સંદર્ભમાં પેટન્ટનું ઉલ્લંઘન પ્રતિબંધિત કૃત્ય છે. પેટન્ટ ધારક, જો જરૂરી હોય તો, લાઈસન્સ સ્વરૂપમાં પરવાનગી આપી શકે છે. પેટન્ટ ઉલ્લંઘન, સામાન્ય રીતે પેટન્ટની શોધના વપરાશ અથવા વેચાણના સંદર્ભમાં, ન્યાયક્ષેત્રો દ્વારા બદલાઈ શકે છે. કેટલાક દેશોમાં આ ઉપયોગનો હેતુ પેટન્ટ ઉલ્લંઘન રચવા માટે વ્યવસાયિક હેતુ છે.

સામાન્ય રીતે, શોધના નિર્ધારિત દાવાઓ પેટન્ટની શોધની અવકાશ અથવા આવશ્યક

સુરક્ષાની મર્યાદાને સમાવેશ છે. બીજા શબ્દોમાં કહીએ તો, દાવાઓની શરતો પેટન્ટ ધારકની પરવાનગી વિના લોકોને જેની મંજૂરી નથી તે વિશે જણાવે છે. પેટન્ટ રક્ષમાત્મક હોવાનો એ અર્થ છે, અને ઉલ્લંઘન ફક્ત તે જ દેશમાં શક્ય છે. જ્યાં પેટન્ટ લાગુ કરવામાં આવે છે. સંરક્ષણનો અવકાશ દેશ-દેશમાં બદલાય છે. કારણ કે સંબંધિત પેટન્ટ ઓફિસ તેમના નિયમો અને ટેટન્ટબિલિટીના નિયમો માટેના તફાવતોને આધારે નિયમન અનુસાર શોધની તપાસ કરે છે.

⇨ પેટન્ટ ઉલ્લંઘનના બે પ્રકારો છે.

સીધો - ઉલ્લંઘન - જ્યારે કોઈ ઉત્પાદન કોઈ પેટન્ટના ઉત્પાદનની નોંધપાત્ર રીતે નજીક હોય અથવા એવા કિસ્સામાં કે જ્યારે શોધનો માર્કેટિંગ અથવા વ્યવસાયિક ઉપયોગ શોધના માલિકની પરવાનગી વિના હાથ ધરવામાં આવે છે.

પરોક્ષ ઉલ્લંઘન ત્યારે થાય છે જ્યારે ઉલ્લંઘનના કોઈપણ હેતુ વિના કપટ અથવા આકસ્મિક રીતે થાય છે.

એક્ટમાં પુરા પાડવામાં આવેલા પેટન્ટ અધિકાર માટે નીચેના કેટલાક અપવાદો અને મર્યાદાઓ છે.

1. પ્રાયોગિક અથવા સંશોધન હેતું.
2. વિદેશી જહાજો પર પેટન્ટની શોધનો ઉપયોગ વગેરે
3. અધિકારીઓ પાસેથી નિયમનકારી મંજૂરી મેળવવા માટે
4. પેટન્ટ અધિકારનું પૂર્ણ થવું અને સમાંતર આયાત
5. ફરજિયાત પરવાનો.

❖ **ઉદાહરણ :-**

1. એમેઝોને તેના એક ક્લિક ચુંકવણી વિકલ્પને પેટન્ટ કરવાનો પ્રયાસ કર્યો, જો કે કોર્ટે નિર્ણય લીધો કે તે પેટન્ટ બનાવવાનો સ્પષ્ટ વિચાર હતો.
2. માઈક્રોસોફ્ટ અને ગુગલે એક્સબોક્સ ગેમિંગ સિસ્ટમ અને મોટોરોલા સ્માર્ટફોન સાથે સંકળાયેલા પેટન્ટ મુદ્દા પર પાંચ વર્ષ સુધી ધ્યાન આપ્યું હતું.

## 2.7 સારાંશ

આમ આ એકમ બેમાં આપણે બૌદ્ધિક સંપત્તિ અને ભંગ (ઉલ્લંઘન) શાને કહેવાય. ભંગ (ઉલ્લંઘન) કોને કહેવાય, કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન), ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન), પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) કોને કહેવાય સાથે તેના ઉદાહરણો તત્ત્વો કેસ વગેરે બાબતે જાણ્યું. કોઈપણ દેશના પેટન્ટ કાયદામાં પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ની જોગવાઈઓ દેશ અનુસાર કરવામાં આવી છે. ભંગ (ઉલ્લંઘન)નું તત્ત્વ શું આવરી લે છે શું આવરી નથી લેતી તેની પણ પૂરી જાણકારી આપવામાં આવે છે. સાથે સાથે ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) અને પાસિંગ ઓફ શું છે બંનેમાં તફાવત શું છે. ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) કરતા પણ પાસિંગ ઓફની અસર વધુ હોય છે. તે સ્પષ્ટ પણે જાણી શકાયું છે. કોપીરાઈટ શેમાં અને શા માટે મળી શકે કોપીરાઈટ બોદ્ધિક સંપત્તિ તરીકે રક્ષણ પણ મેળવી શકે છે. તેમજ સંશોધનને પ્રોત્સાહિત પણ કરી શકે છે. આ એકમ પુરતુ અહીં પ્રકરણ પૂરું કરી ભંગ (ઉલ્લંઘન) થયા બાદ તેના ઉપચારો સંબંધો હવે પછીના એકમ ૩માં વિસ્તૃત ચર્ચા કરીશું.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો :

- **બહુવિકલ્પ પ્રશ્નો :-**

1. બૌદ્ધિક સંપત્તિમાં ઉલ્લંઘન એટલે ...... નો ભંગ (ઉલ્લંઘન)

(અ) અધિકાર (બ) કાયદો

(ક) નિયમ (ડ) ઉપરોક્ત બધાજ

જવાબ : (ડ) ઉપરોક્ત બધા જ

2. કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન)ને આકર્ષતા પરિબળો ક્યા કહી શકાય ?

(અ) ઉચ્ચ કિંમત (બ) અધિકૃત કાર્યના પુરવઠો

(ક) 'અ' અને 'બ' બંન્ને (ડ) ઉપરોક્ત એકપણ નહિં

જવાબ : (ક) 'અ' અને 'બ' બંન્ને

3. ભારતમાં ટ્રેડમાર્ક ઉલ્લંઘન એ ટ્રેડમાર્ક એક્ટ, 1999 ની કલમ ........ હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલુ છે.

(અ) કલમ 26 (બ) કલમ 27

(ક) કલમ 28 (ડ) કલમ 29

જવાબ : (ડ) કલમ 29

4. પાસિંગ ઓફના મૂળ તત્ત્વો ક્યા ક્યા છે ?

(અ) પ્રતિષ્ઠા (બ) ખોટી રજૂઆત

(ક) સદ્ભાવનાને નુકસાન (ડ) ઉપરોક્ત બધા જ

જવાબ : (ડ) ઉપરોક્ત બધા જ

5. પેટન્ટ ધારકની પૂર્વ પરવાનગી વિના પેટન્ટની શોધના સંદર્ભમાં પેટન્ટનું ઉલ્લંઘન ........ કૃત્ય છે.

(અ) પ્રતિબંધિત કૃત્ય (બ) મર્યાદિત કૃત્ય

(ક) નિર્ધારિત કૃત્ય (ડ) ઉપરોક્ત એકપણ નહિં.

જવાબ : (અ) પ્રતિબંધિત કૃત્ય

6. પ્રાયોગિક અથવા સંશોધન હેતુ પેટન્ટ અધિકાર માટેની અપવાદ છે.

(અ) ના (બ) હા

(ક) અંશતઃ હા (ડ) અંશતઃ ના

જવાબ : (બ) હા

- **સવિસ્તાર જવાબ આપો :**

1. બૌદ્ધિક સંપત્તિના ભાગ રૂપે કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) વિશે ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

2. ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) અને પાસિંગઓફ વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સમજાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

3. પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) તેના પ્રકારો સાથે ઉદાહરણ સહિત સમજાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 2.9 ચાવીરૂપ શબ્દો

- **ઉલ્લંઘનઃ** કાયદા, નિયમો, અથવા નીતિઓનો ઉલ્લંઘન એ જાણભાનપૂર્વક અથવા અજાણતા થયેલી કાર્યવાહી છે જે સાયબર સુરક્ષામાં હલચલ લાવી શકે છે.
- **સુરક્ષિત શોધઃ** સુરક્ષિત શોધ એ વેબ બ્રાઉઝિંગ દરમિયાન ગેરકાયદેસર અથવા જોખમકારક કન્ટેન્ટને અટકાવવાના હેતુસર નક્કી કરેલી તકનીક છે.
- **પાસીંગ ઓફઃ** પાસીંગ ઓફ એ એ કૃત્ય છે જેમાં કોઈ હકદાર વ્યક્તિની માલિકીના માળખાની મિલકતને ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે છે.
- **લાઈસન્સઃ** લાઇસન્સ એ કાયદેસર અનુક્રમણિકા છે જે વ્યક્તિને સત્તાવાર રીતે ચોક્કસ હકોના ઉપયોગ માટે મંજૂરી આપે છે.

## 2.10 સંદર્ભ સૂચિ

1. માનવ સંપત્તિ અધિકાર ચોરી અને ઉત્પાદનો - જય કુમાર; કિંજલ મિસ્ત્રી
2. સી. જમનાદાસ

*************************

એકમ 3

# ભંગ (ઉલ્લંઘન)નો ઉપચાર

-: રૂપરેખા :-


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) ઉપચાર**

**3.3 ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) ઉપચાર**

**3.4 કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન)**

**3.5 બૌદ્ધિક ભંગ (ઉલ્લંઘન) સામે દિવાની અને ફોજદારી ઉપચારો**

**3.6 સારાંશ**

**3.7 તમારી પ્રગતિ ચકાસો**

**3.8 ચાવીરૂપ શબ્દો**

**3.9 સંદર્ભ સૂચિ**


## 3.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) ઉપચાર વિશે સમજી શકશો.
- ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) ઉપચારની માહિતી મેળવી શકશો.
- કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) વિશે જાણી શકશો.
- બૌદ્ધિક ભંગ (ઉલ્લંઘન) સામે દિવાની અને ફોજદારી ઉપચારો વિશે સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના :-

બૌદ્ધિક સંપત્તિ હક્કો કંપની, સર્જક અને / અથવા શોધક, તેમના જ નવીનતા અને સર્જનાત્મકતાથી લાભ મેળવવાની ચાવી છે. આંતરરાષ્ટ્રીય ઉપાય જે આ લાભ ને સુલભ અને ફળદાયી બને છે. યોગ્ય ધારકો દ્વારા આવશ્યક રક્ષણ મળે છે. ખાસ કરીને ૨૧મી સદીમાં આ રક્ષણ એ ભંગ (ઉલ્લંઘન) બાદ ઉપચાર સ્વરૂપે એક એવું નક્કર માળખું અને વાતાવરણ ઊભું કરવામાં આવે જેમાં આ નવીનતા અને વિકાસને પ્રોત્સાહિત કરવા માટે નિયમિત બને. એવાં દેશોમાં કે જ્યાં આવા અધિકારોની પ્રોત્સાહન અંગે અનિશ્ચિતતા છે. તે ઓછા છે ત્યાં વૈશ્વિકરણ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેન વિશે જાણકારી આપી છે. કારણ કે અપૂરતી આઈ.પી સુરક્ષા વ્યસાયને નાટકીયરૂપે અસર કરે છે જે બદલામાં વૈશ્વિક સ્તરે ટકાઉ રોજગાર નિર્માણ અને ઉપભોક્તાવાદને અસર કરે છે.

બૌદ્ધિક સંપત્તિ માલિકીનો અધિકાર નવીનીકરણના માલિક પર આયાત કરે છે. આ અધિકાર માલિક (ઓ)ને તેમની નવીનતાના ઉપયોગ અને / અથવા વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં

ઉપયોગ સિવાય અન્યથા અધિકૃત કર્યા સિવાય બાકાત રાખવા માટે પરવાનગી આપે છે. જ્યાં આ અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવે છે ત્યાં આઈ.પી. અધિકારોવાળી વ્યક્તિ (ઓ) ઉલ્લંઘન ઉપાય લઈ શકે છે ઉદાહરણ તરીકે

⇨ અનધિકૃત ઉપયોગ કરવાનું બંધ કરાવવું

⇨ વધુ ઉલ્લંઘનને અમલમાં આવતું અટકાવવું

⇨ વળતર મેળવવું

⇨ કોઈપણ નુકસાન સામે વળતર મેળવવું.

## 3.2 કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) ઉપચાર :

કોપીરાઈટ ધરાવતી કૃતિઓનો ગેરકાયદેસર ઉપયોગ અટકાવવાનો આ કાયદો મુખ્ય ઉદ્દેશ છે. જેમ દર્દ હોય ત્યાં દવા હોય તેમ, અધિકારના ભંગ (ઉલ્લંઘન) બદલ ઉપચાર પણ હોવાના જ કાયદાથી અધિકારો પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે ઉપચારો પણ પ્રાપ્ત થાય છે. કોપીરાઈટ એ એક વિશિષ્ટ પ્રકારનો અમૂર્ત અધિકાર છે. તેનો ભંગ (ઉલ્લંઘન) થવાથી સહનકર્તા પક્ષને કાયદા દ્વારા યોગ્ય રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. કોપીરાઈટના કાયદાનો ઉદ્દેશ સાહિત્ય અને કલાના ક્ષેત્રે ચોરી અને નકલ અટકાવીને લેખકોને રક્ષણ આપવાનો અને જાહેર જનતાની છેતરપિંડી અટકાવવાનો છે. કોપીરાઈટનો કાયદો કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) સામે રક્ષણ આપે છે અને ભંગ (ઉલ્લંઘન) બદલ દાવાનો અધિકાર આપે છે. કોપીરાઈટના માલિક કોપીરાઈના ભંગ (ઉલ્લંઘન) બદલ દીવાની, કાનૂની અને ખાસ કરીને દિવાનીમાં મનાઈહુકમ નુકસાની હિસાબ અને આવા અન્ય ઉપચારો મેળવવા અધિકૃત કાયદા દ્વારા કરવામાં આવેલ છે.

આ કાયદાનો હેતુ કોપીરાઈટના માલિકીને સુરક્ષાનો છે. જો લેખકોની કૃતિઓને જરૂરી રક્ષણ આપવામાં આવે તો તેઓને કૃતિ બનાવવાનો ઉત્સાહ ન રહે તે સ્વાભાવિક છે. આથી તેમની કૃતિના કોપીરાઈટનો ભંગ (ઉલ્લંઘન) થતા કાયદા દ્વારા નીચે મુજબના ઉપચારો અધિકારો આપવામાં આવેલા છે.

➢ **કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ દીવાની ઉપચારો (કલમ 54 થી 62) :**

કલમ 54 મા દીવાની ઉપચારના હેતુસર કોપીરાઈટના માલિકની વ્યાખ્યા આપવામાં આવી છે. અગાઉ આપવો કલમ 14 અને 17, 18, 20 અને 30 માં જોગવાઈઓ મુજબનો માલિકની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવેલ છે.

ટૂંકમાં માલિક એટલે અબાધિત પરવાના ગ્રહિતા, સુવાંગ પરવાનગી ધરાવનાર તેમજ અનામી કે ઉપનામી સાહિત્યિક નાટ્ય સંગીત કે કલાકૃતિની બાબતમાં કર્તાની ઓળખાણ અથવા અનામી કૃતિ કે સંયુક્ત કૃતિની બાબતમાં અથવા તમામ તખલ્લુસ નામો હેઠળ પ્રગટ થયેલ સંયુક્ત કૃતિની બાબતમાં કર્તા તરફથી અને પ્રકાશક તરફથી અથવા કર્તા કે તેના કાનૂની પ્રતિનિધિઓ તરફથી ઓળખ જાહેર થાય ત્યાં સુધી પ્રકાશક.

દીવાની ઉપચારો તથા કાયદાઓ આપેલ અન્ય ઉપાયો પણ કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ આ ઉપાયો મેળવતા પહેલા વાદીએ સાબિત કરવું જોઈએ કે,

(એ) ભંગ (ઉલ્લંઘન) એટલે ઉલ્લંઘન અથવા અનધિકૃત કૃત્ય છે.

(બી) કાયદાની જોગવાઈઓ મુજબ હકીકતમાં તે કોપીરાઈટનો માલિક છે અથવા તે દાવો કરવા માટે અધિકૃત છે.

(અ) હકીકતમાં તેના અધિકારનો ભંગ (ઉલ્લંઘન) થયો હતો.

પરંતુ કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ વાદીના દવા અંગે જો પ્રતિવાદી એમ સાબિત કરી આપે કે અધિકાર ભંગ (ઉલ્લંઘન)ની તારીખે કૃતિમાં કોપીરાઈટ અસ્તિત્વ ધરાવતો હોવાની તેને જાણી ન હતી અને તેમ માનવાને કોઈ વાજબી કારણ ન હતું. આ સંજોગોમાં વાદીએ ઉપર્યુક્ત ચાર ઉપાયને બદલે માત્ર બે જ મળી શકે.

1. મનાઈ હુકમ

2. કોપીરાઈટ ભંગ (ઉલ્લંઘન) કર્તા નકલોના વેચાણથી થયેલો બધો અથવા અંશતઃ નફો આવા સંજોગોમાં અદાલતને જે વાજબી લાગે તે

**1. મનાઈ હુકમ :**

મનાઈ હુકમ એ અધિકાર ભંગ (ઉલ્લંઘન) માટેનો સામાન્ય ઉપચાર છે. જ્યારે વાદી પોતાના કોપીરાઈટનો ભંગ (ઉલ્લંઘન) થયાનું પ્રથમ દર્શનીય પુરવાર કરે ત્યારે મનાઈ હુકમ ભંગ (ઉલ્લંઘન) થયાનું પ્રથમ દર્શનીય પુરવાર કરે મનાઈ હુકમ મેળવવા હકદાર છે. જ્યારે કોપીરાઈટનો ભંગ (ઉલ્લંઘન) થવાનું સ્પષ્ટ હોય ત્યાં મનાઈ હુકમ મળી શકે છે. સામાન્ય રીતે મનાઈહુકમના બે મુખ્ય પ્રકાર છે. 1. કામચલાઉ મનાઈ હુકમ, 2. આખરી મનાઈ હુકમ, કામ ચલાઉ મનાઈ હુકમ નો હેતુ નુકસાન આગળ વધતુ અટકાવવા માટે એ તે સમયે વસ્તુ જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં રાખવા માટે લેવામાં આવે છે. કામચલાઉ મનાઈ હુકમ ટૂંક સમય માટે દાવાની મુદત સુધી જ હોય છે. જ્યારે કાયમી મનાઈ હુકમનો હેતુ વાદીના અધિકારનો ભંગ (ઉલ્લંઘન) કાયમને અટકાવવા માટેનો હોય છે.

**2. નુકસાની :**

જ્યારે કોઈપણ કૃતિના કોપીરાઈટનો ભંગ (ઉલ્લંઘન) થાય ત્યારે આવા ભંગ (ઉલ્લંઘન) બદલ થયેલ નુકસાન વસુલ કરવાનો કોપીરાઈટના માલિકનો અધિકાર છે. ભંગ (ઉલ્લંઘન)ને કારણે થયેલ નુકસાન પ્રથમ દર્શને આપી શકાય છે. બંને તે મુજબ નુકસાની વળતર મેળવી શકાય છે.

**3. હિસાબ :**

કલમ 55ના હેતુસર હિસાબ એટલે પ્રતિવાદીએ કમાયેલા નફાનો હિસાબ અથવા બીજી રીતે એમ કહી શકાય કે, કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ વાદીએ સહન કરવું પડેલ નુકસાનની તપાસ

વાદી હિસાબ જાતે સમયની વળતર આ બંનેમાંથી કોઈ એક રાહત માગી શકે બંને એકસાથે નહિં. એક અધિકાર પ્રાપ્ત કરવા માટે બીજો અધિકાર જતો કરવો પડે છે.

મનાઈ હુકમ સાથે નુકસાન વળતર કે હિસાબની માગણી કરી શકાય છે. પરંતુ નુકસાન વળતર અને હિસાબોની માંગણી સામે કહી શકતી નથી.

**4. અન્ય અધિકાર :**

અન્ય અધિકારમાં ભંગ (ઉલ્લંઘન) કર્તા નકલોને પાછી ખેંચી લેવી આયાત કરવામાં આવેલી ભંગ (ઉલ્લંઘન) કર્તા નકલો જપ્ત લેવી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. તેમજ નકલોનો નાશ કરી શકશે તેવા, આયાતી કરવામાં આવેલ નકલો ભારત બહાર પણ જો, માન્યતામોજાવાળા આવતી હોય તો તે અંગેના વહાણ, સરીયર અથવા કોઈપણ વાહન અથવા કોઈપણ જગ્યાએ તપાસ કરીને તે જપ્ત કરી શકાશે.

કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ થતો ખર્ચો મંજુર કરવાની સત્તા નામદાર અદાલતને આપેલી છે અને નામદાર અલાદત પોતાના સ્વવિવેક દ્વારા અપાયેલ સત્તાનો ઉપયોગ કરી યોગ્ય લાગે તે ખર્ચનો હુકમ કરી શકે છે.

કલમ 69 થી જ્યારે કોપીરાઈટના અંગભૂત અલગ હક્કોની માલિકી જુદી જુદી વ્યક્તિઓ ધરાવતી હોય ત્યારે આવા અધિકારના માલિક, તે હક્ક પુરતો ઉપચાર લેવા અધિકૃત અન્ય માલિકોને પક્ષકાર બનાવાય વિના વ્યક્તિગત રીતે અમલમાં મુકાવી શકશે.

કલમ 57 થી કર્તાને વિશિષ્ટ અધિકાર આપવામાં આવ્યા છે. જો કોઈ કોપીરાઈટ મેળવેલી કૃતિને વિકૃત કરે, અયોગ્ય ફેરફાર કરે અથવા લેખકની પ્રતિષ્ઠા ઓછી થાય, માનહાની થાય તવુ કરે તો લેખક તેને અટકાવવા માટે આ ઉપચાર મેળવી શકે છે. આ અધિકાર હસ્તાંતર કર્યા પછી ચાલુ રહે છે. અને કર્તાના કાનૂની પ્રતિનિધિઓ પણ ભોગવી શકે છે.

કલમ 58 થી જેમાં કોપીરાઈટ ચાલુ હોય તેવી તમામ ભંગ (ઉલ્લંઘન) કરતી નકલો તેમજ ભંગ (ઉલ્લંઘન) કરતી નકલો બનાવવા વાપરેલી કે વાપરવા ધારેલી તમામ પ્લેટો માલિકની મિલકત ગણાશે અને તે મુજબ કોપીરાઈટ માલિક તેનો કલમો મેળવવા અને રૂપાંતર કરવાની કાર્યવાહી પણ કરી શકશે. પરંતુ જો નકલભંગ (ઉલ્લંઘન) કર્તા કોપીરાઈટના અસ્તિત્વ બાબતે મળી ન હતી અને આવી નકલો કે પ્લેટ્સની કૃતિના કોપીરાઈટનો ભંગ (ઉલ્લંઘન) થતો નથી તેવું સાબિત કરે તો કોપીરાઈટનો માલિક તેની સાથે કોઈ ઉપચાર મેળવી શકે નહિં.

કલમ 59 થી જો કોઈ એવું કહી શકાય કે બીજું બાંધકામ કૃતિમાંના કોપીરાઈટને ભંગ (ઉલ્લંઘન) કરતું શરૂ કરવામાં આવ્યું હોય ત્યારે કોપીરાઈટના માલિકને બે મકાન કે બાંધકામ અટકાવવાનો મનાઈ હુકમ કે તેને જમીન દોસ્ત કરવાનો હુકમ મેળવવાનો અધિકાર રહેશે નહિં.

કલમ 60 માં કાનૂની કાર્યવાહીની જયારે કોપીરાઈટ માલિક કોપીરાઈટના કહેવાતા ભંગ (ઉલ્લંઘન) બદલ ધમકી આપે ત્યારે તેનાથી નારાજ થયેલ વ્યક્તિ તેને ધમકી આપનાર વ્યક્તિના કાયદેસરના હુકમનો પરિવાર ભંગ (ઉલ્લંઘન) ન હતો તે મતલબનો હક્ક સ્થાપનનો દાવો દાખલ કરી શકશે અને એવા દાવામાં આવી ધમકી ચાલુ રાખવા સાથે મનાઈ હુકમ મેળવી શકશે અને એવી ધમકીના કારણે તેને થયેલ નુકસાનીનો બદલો મેળવી શકાશે.

પરંતુ જો આવી ધમકી આપનાર વ્યક્તિ યોગ્ય કાળજીથી પોતે દાવો કરેલ કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) માટે કોઈ પગલુ શરૂ કરે અને ચાલુ રાખે તો તેને આ કાર્ય લાગુ પડશે નહિં.

કલમ 61 મુજબ સુવાંગ પરવાનગી (અબાધિત) ધરાવનારે દાખલ થયેલ કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન)ને લગતા દરેક દીવાની કાર્યવાહીમાં કે બીજી કાર્યવાહીના નામદાર અદાલત અન્યથા ન ફરમાવે તો કોપીરાઈટના માલિકને પ્રતિવાદી બનાવવામાં આવશે અને આવા માલિકને પ્રતિવાદી બનાવવામાં આવે ત્યારે તેને સુવાંગ પરવાનગી ધરાવનારના દાવાને પડકારવાનો હક્ક રહેશે. તેમજ આવી કાર્યવાહી સફળ થાય ત્યારે કોપીરાઈટના માલિકના સુચનથી તે જ દાવાના કારણ માટે કોઈ નવો દાવો કે બીજી કાર્યવાહી થઈ શકશે નહિં.

કલમ 62 થી કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન)ના ઉપરવટની બાબતોમાં અદાલતી હુકમ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે જે મુજબ કોઈપણ કૃતિના કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ અથવા આ કાયદા ઉપર પ્રસ્થાપિત કોઈપણ અધિકારનો દાવો કે અન્ય કાર્યવાહી હકુમત ધરાવતી જિલ્લા અદાલતને દાખલ થઈ શકશે.

કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) બદલ દીવાની ઉપચારો મળેલા છે તેવી જ રીતે કાનૂની ઉપચારો પણ કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે આ મુજબ છે.

કલમ 63 મુજબ જો કોઈ વ્યક્તિ જાણીબુઝીને કોપીરાઈટના કે આ કાયદા દ્વારા મળેલા બીજા હક્કોનું ભંગ (ઉલ્લંઘન) કરશે તો તેને છ મહિનાથી ઓછી ન હોય તેટલી પણ ત્રણ વર્ષ સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા કરતા ઓછો ન હોય તેટલો, પણ બે લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

ખાસ કારણે જણાવીને નામદાર અદાલત છ મહિના કરતા ઓછી મુદતની કેદની અથવા પચાસ હજાર રૂપિયા કરતા ઓછી રકમના દંડની શિક્ષા કરી શકશે.

ઉપર મુજબનો ગુનો બીજી અને પછીના ગુનામાં કરવામાં આવે અને દોષિત કરે તો એક વર્ષ કરતા ઓછી ન હોય તેટલી પણ 3 વર્ષ સુધીની કેદની અને એક લાખ રૂપિયા કરતા ઓછો ન હોય પણ બે લાખ રૂપિયા સુધીનો દંડ કરવાને પાત્ર બનશે. અહીં પણ નામદાર અદાલતને ઓછામાં ઓછી સજાથી ઓછી સજા કરવા માટે ખાસ કરણો જણાવવા પડશે. અને ત્યારબાદ મિનિમમ સજા અને મિનિમમ દંડથી પણ ઓછું સજા અને દંડ કરી શકશે.

કલમ 63 બી મુજબ ભંગ (ઉલ્લંઘન)વાળી કોમ્પ્યુટરની પ્રોગ્રામની નકલ જાણી જોઈને આપરવામાં આવે તો તે વ્યક્તિને સાત દિવસ કરતા ઓછી ન હોય તેટલી મુદતની કેદની પણ ત્રણ વર્ષ સુધીની અને પચાસ હજાર રૂપિયા કરતા ઓછો ન હોય તેટલો પણ બે લાખ રૂપિયા સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

પરંતુ જો આમાં કોમ્પ્યુટર ભંગ (ઉલ્લંઘન) પ્રોગ્રામ ધંધા માટે વાપરવામાં આવેલ ન હોય તો કોર્ટ ખાસ કારણે જણાવી કેદની કોઈપણ સજા કરી શકશે નહિં અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની સજા કરી શકશે.

કોપીરાઈટવાળી કૃતિનો ભંગ (ઉલ્લંઘન) મુજબ નકલો તૈયાર કરવા માટે કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક પ્લેટ બનાવે કે એવી પ્લેટો તેના કલમમાં હોય તો બે વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર કલમ 65 મુજબ થશે, તેમજ આ કાયદાથી અપાયેલા હક્કોના આરક્ષણના હેતુ માટેના અસરકારક તકનીકી માપદંડો ને આરક્ષણ કલમ 65 એથી આવેલું છે જો તેનો ભંગ (ઉલ્લંઘન) કરવામાં આવે તો બે વર્ષ સુધી લંબાય તેટલી કેદની સજા અને દંડને પાત્ર કરશે.

કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક જાણી જોઈને માહિતી મેનેજમેન્ટના હકનું રક્ષણ ભંગ (ઉલ્લંઘન) કરશે તો તેને બે વર્ષની કેદની સજાથી વધુ સમય વિસ્તરશે તેવી સજાને પાત્ર થશે અને દંડને પણ કલમ 65-બી મુજબ પાત્ર થશે.

કલમ 68 મુજબ જો કોઈ વ્યક્તિ રજિસ્ટર વિગેરેમાં ખોટી નોંધો રજૂ કરવા માટે ખોટી નોંધો રજૂ કરવા અથવા આપવા કરવા કરે તો તેને એક વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા બંને શિક્ષાને પાત્ર બનશે.

જો કોઈ સત્તાધિકારીને કે અધિકારીને છેતરવાના કે તેના ઉપર દબાણ પહોંચાડવાના હેતુથી ખોટા નિવેદનો આપશે તો તે વ્યક્તિને કલમ 68 મુજબ એક વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા બંને શિક્ષા કરવામાં આવશે.

જો કોઈ વ્યક્તિ કલમ ૫૨-એની જોગવાઈઓનો ભંગ (ઉલ્લંઘન) કરશે તો તેને કલમ 68(એ) મુજબ ત્રણ વર્ષની કેદની શિક્ષા અને દંડને પાત્ર કરશે.

આ કાયદા મુજબ ઉપચાર હેતુ માત્ર વ્યક્તિ જ નહિં પરંતુ જો આ પ્રકારનો ભંગ (ઉલ્લંઘન) કંપની દ્વારા કરવામાં આવે તો કંપનીની સામે પણ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આમ, કોપીરાઈટના ભંગ (ઉલ્લંઘન) થતા તેને આરક્ષણ હેતુ ઉપચાર રૂપે કાનૂની કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીથી રક્ષણ મેળવી શકાય છે.

## 3.3 ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) ઉપચાર :

પોતાનો માલ બીજા કરતા અલગ છે તેમ દર્શાવવાના હેતુથી વેપારી ચીજ વસ્તુઓ અંગે વપરાતો શબ્દ, તરકીબ કે નિશાનીને ટ્રેડમાર્ક કહેવામાં આવે છે. વેપાર વાણિજ્ય નો વિકાસ થતા તેમજ વૈશ્વિકરણના કારણે ટ્રેડમાર્કમાં ચીજ-વસ્તુઓ ઉપરાંત સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ ટ્રેડમાર્ક મિલકત છે અને જો ટ્રેડમાર્કનું કોઈપણ વ્યક્તિ કે કંપની દ્વારા ભંગ (ઉલ્લંઘન) કરવામાં આવે તો આ કાયદો તેના ઉપચારથી આરક્ષિત કરે છે.

ટ્રેડમાર્કનું ઉલ્લંઘન એ ટ્રેડમાર્ક સબંધિત અધિકારનો ભંગ (ઉલ્લંઘન) હોય તેની સામે ઉપચાર ઉપલબ્ધ છે.

❖ **ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) ઉપચાર :-**

ટ્રેડમાર્કનું ઉલ્લંઘન એ ટ્રેડમાર્કનું કાયદાકીય કાર્યવાહીનો સૌથી સામાન્ય પ્રકાર છે. જે વ્યક્તિઓએ તેમના ટ્રેડમાર્ક અધિકારનો ભંગ (ઉલ્લંઘન) કર્યો છે તે કોર્ટમાં ઉલ્લંઘન કરનાર એટલે કે પ્રતિવાદી વિરુદ્ધ દીવાની રાહે કાર્યવાહી કરી શકે છે. તેમજ ફોજદારી રાહે પણ કાર્યવાહી થઈ શકે છે.

ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) સાથે મુખ્યત્વે ત્રણ પ્રકારના ઉપચાર આવેલા છે જે નીચે મુજબ છે.

1. દીવાની કાર્યવાહી
2. ફોજદારી કાર્યવાહી અને
3. વહીવટી (એડમિનિસ્ટ્રેટિવ રેમિડિઝ) ઉપચાર

**1. દીવાની કાર્યવાહી :-**

જ્યારે નોંધાયેલા ટ્રેડમાર્કનો ભંગ (ઉલ્લંઘન) થાય ત્યારે તેની સામે સ્થાપિત થયેલ અધિકાર બાબતનો દાવો અથવા જો ટ્રેડમાર્ક સાથે છેતરામણીભરી રીતે સામ્યતા ધરાવતી રીતે ઉપયોગમાં લીધેલ હોય તો પાસિંગ ઓફ માટેનો દાવો કરી શકાય છે. આ બંને પ્રક્રિયા દાવાની ઈન્સાફી કાર્યવાહી દીવાની રાહે કરવામાં આવશે અને આ કાર્યવાહી હકુમત ધરાવતી જિલ્લા અદાલતથી નીચેની અદાલતમાં દાખલ કરવામાં આવશે નહીં.

દીવાની રાહે ઈન્સાફી કાર્યવાહી જ્યારે ચલાવવામાં આવે છે. ત્યારે વાદીની ટ્રેડમાર્કના ભંગ (ઉલ્લંઘન)ના દાવામાં અથવા પાસિંગ ઓફના દાવામાં અદાલત પોતાને મેળવેલ ભાગે તેવી શરતો એ તેમજ માંગેલી દાદ મુજબ મનાઈ હુકમ, નુકસાન વળતર અથવા નફાના હિસાબ સાથે જેનાથી ભંગ (ઉલ્લંઘન) થયેલ હોય તે ચિહ્નોની સોંપણી અથવા ચિહ્નો નો નાશ કે ભંગ (ઉલ્લંઘન)ી નાખવાના હુકમ કરી શકે છે. અને આ રીતે ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) સામેના દીવાની રાહે ઉપચાર મેળવી શકાય છે.

**2. ફોજદારી કાર્યવાહી :-**

ટ્રેડમાર્ક એ વેપારી ચીજ વસ્તુઓ અને સેવાઓ સાથે સંકળાયેલ છે જેથી બહોળા પ્રમાણમાં જાહેર જનતા આ નો લાભ લેતી હોય છે. જેથી ટ્રેડમાર્કનું ભંગ (ઉલ્લંઘન) થતા તાત્કાલિક અસરથી ભંગ (ઉલ્લંઘન) કરનાર સામે પગલાં લઈ શકાય તે માટે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે છે. અને પોલીસને આ ભંગ (ઉલ્લંઘન) કરનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તા આ કાયદા દ્વારા આપવામાં આવેલી છે.

જ્યારે કોઈવ્યક્તિ ટ્રેડમાર્કનો ભંગ (ઉલ્લંઘન) કરે અથવા સરખામણી રીતે છેતરામણી રીતે સમાન ટ્રેડમાર્ક વાપરે અથવા ખોટુ વર્તન કરે ત્યારે તે વ્યક્તિ ઓછામાં ઓછી 6 માસની કેદની સજાને પાત્ર બને પચાસ હજારથી માંડી બે લાખ રૂપિયા સુધીનો દંડની શિક્ષાને પાત્ર થશે. જો અદાલત ખાસ કારણોથી માને તો કારણોની લેખિત નોંધ કરીને 6 માસ કરતાં ઓછી અને પચાસ હજાર કરતા ઓછો દંડ કરી શકે છે.

જ્યારે કોઈ વ્યક્તિ માલ કે ખર્ચાઓનું ખોટું ટ્રેડમાર્ક કે ખોટું વેપાર વર્ણન કરી તે માલ કે તેવા વેટો તો પણ તે ઉપર મુજબની સજાને પાત્ર બનશે.

આમ ફોજદારી કાર્યવાહીથી જાહેર જનતાને તત્કાલિન ન્યાય અપાવવાના હેતુથી આ ઉપચાર આપવામાં આવેલ છે.

**3. વહીવટી ઉપચાર (એડમીની સ્ટ્રેટીવ રેમીડીઝ) :-**

જ્યારે કોઈ વ્યક્તિ ફોજદારી બને દીવાની કાર્યવાહી કરવા માંગતો ના હોય અને ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન)ની તરત જ તેને ખબર પડી ગઈ હોય તો તે ટ્રેડમાર્ક રજિસ્ટારને જઈને ફરિયાદ કરી શકે છે અને રજિસ્ટ્રાર ટ્રેડમાર્કથી થયેલી સામાન્ય સરખામણું સમાન નિશાન ને લક્ષ્ય લઈ ટ્રેડમાર્ક માં થયેલ સામાન્યતા દૂર કરવાનો સુધારણા કરવાનો અથવા રદ કરવાનો હુકમ કરી શકે છે.

જો કોઈ વ્યક્તિ માને છે કે ટ્રેડમાર્ક ખોટી રીતે રજિસ્ટ્રાર થયેલ છે અથવા તો રજિસ્ટ્રાર થવા પર બાકી છે. તો નોંધાયેલ ટ્રેડમાર્કની સુધારણા અથવા નોંધણી રદ કરવા અથવા દૂર કરવા માટે ફાઈલ કરી શકે છે. કોઈ નિશાની ખોટી રીતે રજિસ્ટ્રાર પર બાકી રહી શકે છે. તેમ છતા તેનો ઉપર્યુક્ત કરવામાં આવતો નથી અથવા તે સમાપ્ત થઈ ગઈ છે. અથવા અગાઉના નિશાની સાથે તેની સમાનતાને ધ્યાનમાં લીધા વિના નોંધણી કરાવી છે. આવા તમામ કિસ્સાઓ થયેલ ભૂલ અથવા ભૂલોનો સુધારવા અથવા સુધારવા માટે વહીવટી કાર્યવાહી કરવાનો ઉપચાર આ કાયદા દ્વારા પ્રાપ્ત થાય છે.

❖ **સારાંશ :-**

ભારત જેવા વિકાસશીલ દેશોમાં જ્યારે બૌદ્ધિક સંપત્તિનું મહત્ત્વ સ્વીકાર્યું હોય ત્યારે સમાન્ય જનજીવનને અસર કરતા ચીજવસ્તુઓ માલ સામાન સાથે સંકળાયેલ ટ્રેડમાર્કના ભંગ (ઉલ્લંઘન)ને રક્ષણ આપવા માટે કાયદા બનાવાયા છે અને તેના વડે ઉપચાર આપવામાં આવેલા છે જેનાથી વેપારમાં પડતા અવરોધો અને મુશ્કેલીઓ ઓછી કરી શકાય.

## 3.4 પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) ઉપચાર :

કોઈપણ વ્યક્તિ પોતાની બુદ્ધિ, હોશિયારી ચતુરાઈ કે કૌશલ્યથી સાહિત્ય કલા, બૌદ્ધિક કે વિજ્ઞાનક્ષેત્રે કંઈક પણ નવું સર્જન કરે તેની ઉપર તે વ્યક્તિનો જ અધિકાર રહેવો જરૂરી છે. તેનું સર્જન કોઈ અન્યાયી રીતે મેળવી તેનો લાભ ન લઈ જાય તે આવશ્યક છે. જે તે વ્યક્તિની આ બૌદ્ધિક સંપત્તિ છે. પેટન્ટ એ વિશિષ્ટાધિકાર છે. પોતાની મૌલિક ઔદ્યોગિક શોધ જાહેર કરવાના બદલામાં સંશોધકને કાયદા અન્વયે ને શોધનો ઉપયોગ કરવા માટે અપાતો સંપૂર્ણ ઈજારો એટલે પેટન્ટ, સંશોધકને સંશોધન માટે પેટન્ટ આપવાથી બીજી વ્યક્તિને પણ સંશોધન કરવાની પ્રેરણા મળે છે. વળી પેટન્ટને કારણે સંશોધક પોતાની શોધ ગુપ્ત રાખવાને બદલે જાહેર કરે છે અને સંશોધકને તે શોધ પાછળ થયેલા ખર્ચનું વળતર મળી રહે છે.

પેટન્ટ એ વિશિષ્ટ અધિકાર છે. પેટન્ટ ધારકને પેટન્ટ થયેલી શોધ ઉપર માલિકી હક્કો મળે છે. જેના દ્વારા તે આર્થિક ઉપાર્જન કરી શકે છે. શોધ દરમિયાન થયેલ ખર્ચ પણ પાછો

મેળવી શકે છે. કેટલીક ખરેખરનો શોધક બાજુને રહી જાય અને તેની પાસેથી લેનાર કે બીજી કોઈ વ્યક્તિ તેનો લાભ મેળવી લે એવું પણ બને. આથી જ્યારે પેટન્ટનો ભંગ (ઉલ્લંઘન) થાય ત્યારે આવા સાચા શોધકને જ તેનો લાભ થાય. પેટન્ટ ધારકને પેટન્ટ મેળવેલ વસ્તુ ઉપર અનન્ય માલિકી મળે છે. પેટન્ટ મેળવેલ વસ્તુ પેટન્ટ ધારક એકલો જ બનાવી શકે છે. ઉપયોગમાં લઈ શકે છે. વેચી શકે છે કે વહેંચી શકે છે. અન્ય કોઈ વ્યક્તિ આવી પેટન્ટ મેળવેલ વસ્તુ બનાવે કે વેચે તો પેટન્ટ ધારક તેની સામે કાનૂની પગલા લઈ શકે છે. અને આ રીતે તેને પેટન્ટના ભંગ (ઉલ્લંઘન) સાથે કાયદા દ્વારા ઉપચાર પ્રાપ્ત થાય છે.

### ❖ પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના ઉપચાર :

**1.** પેટન્ટ ધારકની પેટન્ટનો જો કોઈ ભંગ (ઉલ્લંઘન) કરે તો તે માટે તેનો ઉપચાર કાયદા દ્વારા પ્રાપ્ત થાય છે. પેટન્ટધારક પોતે દાવો પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) કરનાર સામે કરી શકે છે. પેટન્ટના ભંગ (ઉલ્લંઘન) અંગેની કાર્યવાહી ફક્ત હકુમતવાળી જિલ્લા અદાલતમાં જ કરી શકાય છે.

પેટન્ટના ભંગ (ઉલ્લંઘન) મટેના દાવામાં અદાલત દાદ પોતાને યોગ્ય લાગે તે શરતોને આધીન રહીને આપી શકે છે. જે દાદ સામાન્ય રીતે નીચે મુજબની હોઈ શકે છે.

1. મનાઈ હુકમ
2. અરજદારે પસંદ કરેલા લક્ષ્યાંક પ્રમાણે નુકસાની અથવા નફાનો હિસાબ

જ્યારે પેટન્ટનો ભંગ (ઉલ્લંઘન) થયો હોય ત્યારે તેના ઉપચાર તરીકે સિમિત કારણોમાંથી તાત્કાલીક અસરથી મનાઈ હુકમ મેળવી શકાય છે. જે મનાઈ હુકમ કરવામાં મનાઈ હુકમ આપવાનો વચગાળાનો મનાઈ હુકમ પણ હોય શકે છે. તેમજ અરજદાર એ કેટલાક દાવામાં પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) થવાથી તેને જેટલુ નુકસાન થયું છે તેને વળતર મેળવવાની દાદ પણ માની શકે છે અથવા તો પોતાના જેવી જ પેટન્ટ રાખવાથી પેટન્ટ ભંગ (ઉલ્લંઘન) કરનારને થયેલા નફાનો હિસાબ પણ દાદ સ્વરૂપે અદાલત પાસે માંગી શકે છે. આ તમામ દીવાની ઉપચાર પેટન્ટ ધારક મેળવી શકે છે.

જે સમય પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના દાવા પર જો પ્રતિવાદીએ પેટન્ટ માન્યતા અંગે વિરોધ ઉઠાવ્યો હોય તો વચગાળાનો મનાઈ હુકમ નામદાર અદાલત રાખી શકશે નહિં. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે વાદીએ પોતાને પ્રથમ દર્શીય અધિકાર છે અંગે સાબિત કરવું જોઈએ અને પ્રથમ દર્શન પુરાવાથી એમ સાબિત કરવું જોઈએ કે પ્રતિવાદીએ પેટન્ટનો ભંગ (ઉલ્લંઘન) કર્યો છે.

### 2. એપેલેટ બોર્ડને અપીલ :-

સને 2002માં પેટન્ટ એક્ટમાં મહત્વના સુધારાઓ થયા. જેમાં ખાસ કરીને એપલેટ બોર્ડ અને તેને કરવાની અપીલો તેમજ એપેલેટ બોર્ડની સત્તા અને કાર્યવાહી અંગેની જોગવાઈઓ ઉમેરવામાં આવી હતી.

આ સુધારા બાદ પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના ઉપચાર રૂપે હાઈકોર્ટને કરવાની થતી અપીલો હવે એપેલેટ બોર્ડને કરવાની રહે છે જેમાં વાદી પ્રતિવાદીના સબળા અને નબળાનો બચાવ થાય છે.

એપેલેટ બોર્ડ પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના કિસ્સામાં આવા પક્ષકારનો વિરોધી દાવો અને નોંધણીપત્રક સુધારવાના સિવાયના પેટન્ટના રદીકરણની બધી જ વડી અદાલત અપક્ષની ચાલુ કાર્યવાહી ચલાવવાની સત્તા ધરાવે છે.

**3. શિક્ષાઓ :-**

જ્યારે કોઈ વ્યક્તિને નિયામકે આ કાયદાથી તેની શોધ ગુપ્ત રાખવાનો આદેશ આપ્યો હોય અને જો તે આદેશનો ભંગ (ઉલ્લંઘન) કરી તો તેને બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંન્ને શિક્ષાને પાત્ર ઠરે છે.

જ્યારે કોઈ વ્યક્તિ આ કાયદા હેઠળ આવેલા હાનિકરતા ખોટી નોંધ કરે અથવા ઠરાવે અથવા આવા રજિસ્ટ્રાર માની કોઈ નોંધણી નકલ ગણાતી હોય તેવુ લખાણ ખોટી રીતે કરે અથવા કરાવે અથવા પોતે ખોટું કરે એવું જાણવા છતા પુરાવામાં રજૂ કરે અથવા કરાવે તો તે વ્યક્તિને બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરે છે.

આમ જ્યારે કોઈ વ્યક્તિ નિયામકના આદેશોનું પાલન પોતે રજિસ્ટ્રાર કરેલા પેટન્ટ બદલાને ભંગ (ઉલ્લંઘન) કરે તો તેની સામે પણ શિક્ષા રૂપે કાનૂની પગલા લઈ ઉપચાર મેળવી શકાય છે.

આમ, પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના ઉપચાર આ કાયદા દ્વારા આરક્ષિત કરવામાં આવેલ છે.

**❖ સારાંશ :**

પેટન્ટ ભંગ (ઉલ્લંઘન)ના ઉપચારનો મુખ્ય હેતુ કોઈ શોધકને શોધ માટે પ્રોત્સાહિત કરવા અને સમાજને વિકાસ આપવા દેવા વચ્ચેનું સંતુલન છે. જ્યારે શોધક પોતાની બુદ્ધિ કૌશલ્યથી સમય ખર્ચ કરી શોધ કરી રોકાણ કરે છે. ત્યારે તેને પેટન્ટ આપીને પુરસ્કાર આપવામાં આવે છે. જેથી પણ તેની શોધને રક્ષણ આપવા માટે તેના ઉપચાર ઘડવામાં આવેલા છે.

## 3.5 બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન) સામે દિવાની અને ફોજદારી ઉપચારો :

બૌદ્ધિક સંપત્તિ એ વ્યક્તિની બુદ્ધિથી ઉત્પન્ન થાય છે. જેવી રીતે સ્થાવર અને જંગમ મિલકત સંબંધિત અધિકારોનું કાયદાના માધ્યમથી નિયમન થાય છે તેમજ બૌદ્ધિક સંપત્તિ વિષયક અધિકારોનું પણ નિયમન થાય છે. બૌદ્ધિક સંપત્તિના ભંગ (ઉલ્લંઘન) સામે કાયદો રક્ષણ આપવા હંમેશાં પ્રયત્નશીલ રહેલ છે.

જો કોઈ બૌદ્ધિક સંપત્તિનો ગેરકાયદેસર ઉપયોગ કરે અથવા બૌદ્ધિક સંપત્તિ ધારકને આર્થિક ઉપરાંત પ્રતિષ્ઠાનું નુકસાન પહોંચાડે ત્યારે કાયદો તેને રક્ષણ પૂરું પાડે છે.

ભારત જેવા વિકાસશીલ દેશ, દેશ ઉપરાંત વૈશ્વિક સ્તરે પણ બૌદ્ધિક સંપત્તિના અધિકારોને રક્ષણ પૂરું પાડવાના સતત પ્રયાસો, સુધારાઓ અને ઉપચારો આપે છે. જેમાં મુખ્યત્વે દિવાની ઉપચારો અને ફોજદારી ઉપચારોનો સમાવેશ થાય છે. જેની વિગતવાર ચર્ચા આપણે નીચે મુજબ કરીએ.

**1. બૌદ્ધિક સંપત્તિ સામે દિવાની ઉપચારો :-**

આપણા ભારત દેશના કાયદા દ્વારા પ્રસ્થાપિત જોગવાઈઓ મુજબ બૌદ્ધિક સંપત્તિ સામે દીવાની ઉપચારોથી રક્ષણ મેળવેલ છે. દીવાની ઉપચારો નો સર્વ આપના બૌદ્ધિક સંપત્તિના ભંગ (ઉલ્લંઘન) સામેનો ઉપચાર છે. જે ઉપચાર દીવાની કાર્યવાહી સંહિતા મુજબ મેળવવામાં આવે છે. દીવાની ઉપચારમાં મુખ્યત્વે બૌદ્ધિક સંપત્તિ અધિકાર ધરાવનારને મનાઈહુકમ નફાનો હિસાબ અથવા નુકસાન વળતર નો લાભ મળી શકે છે.

**➢ મનાઈ હુકમ :-**

મનાઈ હુકમ દીવાની કાર્યવાહીથી બૌદ્ધિક સંપત્તિના ભંગ (ઉલ્લંઘન) સાથે મેળવી

શકાય છે. મનાઈહુકમ કાયમી અથવા વચગાળાનો હોઈ શકે છે. મનાઈહુકમ મોટા ભાગે થયેલ અધિકારોના ભંગ (ઉલ્લંઘન)ને રોકવા માટે લેવામાં આવે છે. તેમજ તેનો દૂરુપયોગ થતો અટકાવવા મેળવી શકાય છે.

મનાઈહુકમ એ દીવાની કોર્ટમાંથી મળતી તાત્કાલીક રાહત છે. જે અધિકાર ધારકને રક્ષણ પૂરું પાડે છે.

➢ **નફાનો હિસાબ અથવા નુકસાન વળતર :**

બૌદ્ધિક સંપત્તિના ભંગ (ઉલ્લંઘન) સાથે અધિકાર ધરાવનાર વ્યક્તિ ભંગ (ઉલ્લંઘન) કરનાર વ્યક્તિ પાસેથી પોતાને થયેલ નાણાકીય નુકસાન તેમજ પ્રતિષ્ઠાને થયેલ નુકસાન અંગેનું વળતર દાદ સ્વરૂપે નામદાર અદાલત પાસેથી માંગી શકે છે અથવા વિકલ્પે ભંગ (ઉલ્લંઘન) કરનારને ભંગ (ઉલ્લંઘન) કરીને પોતે કેટલો નફો પ્રાપ્ત કરેલો છે તેનો હિસાબ પણ માંગી શકે છે. આ બન્ને દાદ વિકલ્પો છે એક સાથે આ બંને દાદ માંગી શકાતી નથી. નામદાર અદાલત દીવાની ઉપચાર સ્વરૂપે કાંતો નુકસાન વળતર અથવા નફાનો હિસાબ અપાવે છે.

આ બંને ઉપરાંત અદાલત તેની વિવેકપૂર્વકની શક્તિ હેઠળ, એવા પણ હુકમ કરી શકે કે જે બૌદ્ધિક સંપત્તિનો ભંગ (ઉલ્લંઘન) કરતું હોય કે જેનો પ્રબળ ઉપયોગ ઉત્પન્ન ઉલ્લંઘન કરતું હોય તો તેવી સામગ્રી ને કલમે જપ્તી અથળા નાશ કરવાનો હુકમ કરશે.

સમાન્ય રીતે દીવાની ઉપચારો ભંગ (ઉલ્લંઘન)ને રોકવા તેના ઉપયોગનો દુરુપયોગ થતો. અટકાવવા નુકસાનનું વળતર મેળવવા અથવા થનાર નફાનો હિસાબ મેળવવા થતો હોય છે.

**2. બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન) સામે ફોજદારી ઉપચારો :-**

બૌદ્ધિક સંપત્તિના અધિકારોનો ભંગ (ઉલ્લંઘન) થાય છે ત્યારે કાયદાના પ્રબંધો ફોજદારી રાહે પણ તેના ધારકોને રક્ષણ પૂરું પાડે છે.

જયારે કોઈ બૌદ્ધિક સંપત્તિ ધારક પોતાના થયેલા ભંગ (ઉલ્લંઘન)ના રક્ષણ સ્વરૂપે ભંગ (ઉલ્લંઘન) કનારને બીજી વાર આ પ્રકારના ભંગ (ઉલ્લંઘન) ન કરે તે હેતુથી તેમજ સમાજના દાખલો બેસાડવા માટે પણ ફોજદારી રાહે પગલાં લે છે. બૌદ્ધિક સંપત્તિના અધિકાર ધારક હંમેશાં નાણાકીય વળતર કે નુકસાન વળતર ઈચ્છે તેટલું હોતું નથી પરંતુ ભંગ (ઉલ્લંઘન) કરનારને સજા મળે અને દંડ થાય જેથી આવી ભુલ ઈરાદાપૂર્વક સમાજમાં અન્ય લોકો સામે કરી નહિં તેવા હેતુથી આ ઉપચારો કાયદા દ્વારા આપવામાં આવેલા છે.

જયારે બૌદ્ધિક સંપત્તિ ધારક પોતાના અધિકારનું ભંગ (ઉલ્લંઘન) થયેલું જણાય તો તાત્કાલિક ભંગ (ઉલ્લંઘન) કરનાર સાથે પોલીસ ફરિયાર કરી શકે છે. પોલીસ ફરિયાદ થતા જ પોલીસ ભંગ (ઉલ્લંઘન) કરનારની તાત્કાલિક ધરપકડ કરી છે અને થયેલા ગુનાની તપાસ કરી નિવેદનો પણ મેળવે છે અને તપાસના અંતે ભંગ (ઉલ્લંઘન) કરનાર વિરુદ્ધ ચાર્જશીટ થવા જેવા પુરાવા એકત્રિત થાય ત્યારે ચાર્જશીય કરી નામદાર અદાલતમાં મોકલી આપશે. ચાર્જશીટ નામદાર અદાલતમાં આવતા ભંગ (ઉલ્લંઘન) કરનાર સાથે ફોજદારી કાર્યવાહી સંહિતા મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને કેસના અંતમાં જો આ ભંગ (ઉલ્લંઘન) કરનાર વિરુદ્ધનો કેસ પુરવાર થાય તો તેને સાદી કેદની સજા અથવા દંડ અથવા તો બન્નેની શિક્ષા કરવામાં આવશે. આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા મેજીસ્ટ્રેટને છે. અને હકુમતવાળી અદાલત આ કેસ ચલાવે છે.

ફોજદારી ઉપચારો મેળવવા એ ધારકનો અધિકાર છે અને તે રક્ષણ મેળવવા માટે

ફોજદારી રાહે પગલા લઈ શકે છે.

## 3.6 સારાંશ

દેશમાં બૌદ્ધિક સંપત્તિના રક્ષણ માટે કાયદાઓ ઘડવામાં આવેલા છે અને સમયાંતરે તેને વધુ અસરકારક બનાવવા સુધારાઓ પણ થતા હોય છે જેથી બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરી શકાય.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

- **બહુવિકલ્પ પ્રશ્નો**

1. આઈ.પી. અધિકારોવાળી વ્યક્તિ ઉલ્લંઘન બાબતે ક્યા ઉપાય લઈ શકે છે.

   (અ) અનધિકૃત ઉપયોગ અટકાવવું

   (બ) વળતર મેળવવું

   (ક) 'અ' અને 'બ' બંન્ને

   (ડ) ઉપરોક્ત એકપણ નહિ

જવાબ :- (ક) 'અ' અને 'બ' બંન્ને

2. કોપીરાઈટના કાયદાનો ઉદ્દેશ શું છે ?

   (અ) સાહિત્ય-કલા ક્ષેત્રે ચોરી અટકાવવી

   (બ) સાહિત્ય-કલા ક્ષેત્રે નકલ અટકાવવી

   (ક) જાહેર જનતાની છેતરપિંડી અટકાવાનો

   (ડ) ઉપરોક્ત બધા

જવાબ :- (ડ) ઉપરોક્ત બધા

3. ટ્રેડમાર્ક ભંગ (ઉલ્લંઘન) સામે મુખ્યત્વે ક્યા પ્રકારના ઉપાય મળે છે.

   (અ) દીવાની કાર્યવાહી

   (બ) ફોજદારી કાર્યવાહી

   (ક) વહીવટી ઉપચાર

   (ડ) ઉપરોક્ત બધા જ

જવાબ :- (ડ) ઉપરોક્ત બધા

4. પોતાની મૌલિક ઔદ્યોગિક શોધ જાહેર કરવાના બદલામાં સંશોધકને કાયદા અન્વયે શોધનો ઉપયોગ કરવા માટે અપાતો સંપૂર્ણ ઈજારો એટલે.....

   (અ) પેટન્ટ (બ) ટ્રેડમાર્ક

   (ક) કોપીરાઈટ (ડ) ઔદ્યોગિક ડીઝાઈન

જવાબ :- (અ) પેટન્ટ

5. બૌદ્ધિક સંપત્તિમાં ભંગ (ઉલ્લંઘન) બદલ દિવાની ઉપચાર તરીકે વ્યક્તિ ......... મેળવી શકે છે.

(અ) મનાઈ હુકમ

(બ) નુકસાન વળતર

(ક) 'અ' અને 'બ'

(ડ) ઉપરોક્ત એક પણ નહિં.

જવાબ :- (ક) 'અ' અને 'બ'

6. બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન) માં ફોજદારી ઉપચાર તરીકે ..... જોગવાઈ છે.

(અ) દંડની (બ) કેદની

(ક) દંડ અથવા કેદની (ડ) દંડ અને કેદની

જવાબ :- (ડ) દંડ અને કેદની

- **સવિસ્તાર જવાબ આપો :**

1. જેમ દર્દ હોય ત્યાં દવા હોય, તેમ અધિકાર ભંગ (ઉલ્લંઘન) બદલ ઉપચાર હોય - વિધાનની ચર્ચા બૌદ્ધિક સંપત્તિ ભંગ (ઉલ્લંઘન)માં ઉપચાર માટે કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. કોપીરાઈટ, ટ્રેડમાર્ક અને પેટન્ટના ભંગ (ઉલ્લંઘન) બદલા કેવા ઉપચારો મેળવી શકાય વિસ્તૃત ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. બૌદ્ધિક સંપત્તિ ભેગ સામે દિવાની અને ફોજદારી ઉપચારો વિશે ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.8 ચાવીરૂપ શબ્દો

- **ભંગઃ** કાયદાકીય હક કે શરતનું ઉલ્લંઘન, જે વળતરની જરૂરિયાત ઊભી કરે છે.
- **ઉપચાર અધિકારઃ** કોઈ ભંગ કે ઉલ્લંઘન સામે કાનૂની રીતે હાથ ધરવાના ઉપાયોનો અધિકાર.
- **દીવાનીઃ** નાગરિક વિવાદો અને કેસોની સુનાવણી માટેનું કોર્ટ ફોરમ.
- **મનાઈહુકમઃ** કોર્ટ દ્વારા આપેલી નિર્દેશ, જે કોઈ કાર્ય કરવાની અટકાવણી કરે છે.
- **ફોજદારી એપેલેટ બોર્ડઃ** ફોજદારી કેસોમાં અપીલની સુનાવણી માટેની અધિકૃત કાયદાકીય સંસ્થા.

## 3.9 સંદર્ભ સૂચિ


1. આઈ.પી.આર.અધિકારનો કાયદો અને તે અંગેની માહિતી - દિનેશ પટેલ
2. સંપત્તિ અધિકારો કાયદાની માહિતી - ભાસ્કર પટેલ


*************************

એકમ 4

# વિરોધભાસ, રદ્દીકરણ અને સુધારા

-: રૂપરેખા :-

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 વિરોધભાસના કારણો

4.3 ક્યારે નોંધણી ને રોકવું અથવા રદ કરવું

4.4 બૌદ્ધિક સંપત્તિ ઉલ્લંઘન અને દંડને અસર કરતા પરિબળ

4.5 ભંગ (ઉલ્લંઘન)નો આધારહીન ભય

4.6 કંપનીઓ દ્વારા બૌદ્ધિક સંપત્તિનું પાલન

4.7 સારાંશ

4.8 તમારી પ્રગતિ ચકાસો

4.9 ચાવીરૂપ શબ્દો

4.10 સંદર્ભ સૂચિ

## 4.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- વિરોધાભાસ વિષયક માહિતી મેળવી શકશો.
- રદ્દીકરણ વિશે સમજી શકશો.
- ભંગ (ઉલ્લંઘન)નો આધારહીન ભય વિશે માહિતી મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના

બૌધિક સંપત્તિ અને સાયબર ગુનાઓના ક્ષેત્રમાં, વિરોધાભાસ, રદ્દીકરણ અને સુધારા જેવી કાર્યપ્રણાલીઓનું વિશિષ્ટ મહત્વ છે. વિરોધાભાસ એ ફક્ત વિચારધારા અને હકીકત વચ્ચેનો મતભેદ નથી, પરંતુ તે તેવા જટિલ મુદ્દાઓને સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે, જે વૈધાનિક વ્યવસ્થાઓમાં ખામી અથવા અવરોધ ઊભા કરે છે. રદ્દીકરણ, તેની કાર્યક્ષમતા દ્વારા, તેવા મકસદ પર આધાર રાખે છે કે કઈ રીતે અયોગ્ય રીતે મંજૂર થયેલા બૌધિક સંપત્તિ અધિકારોને દૂર કરી શકાય. આ પ્રક્રિયા સન્માનપૂર્ણ માર્ગદર્શિકાઓના માળખામાં, દાવેદારના હક માટે લડવા માટેનો એક મહત્વપૂર્ણ સાધન બની જાય છે.

બીજી તરફ, સુધારા, તે પ્રગતિશીલ વિચારધારા અને ન્યાયસભર નિયંત્રણને પ્રોત્સાહન આપે છે, જેમાં મૌલિક અને આધુનિક નીતિઓને અપનાવીને દંડાત્મક મર્યાદાઓમાં સુધારો કરવામાં આવે છે.

## 4.2 વિરોધભાસના કારણો :

વિવિધ દેશોમાં પેટન્ટ કાયદા વિરોધ કાર્યવાહી માટેની જોગવાઈ પુરી પાડે છે. વિરોધી કાર્યવાહી એ ઘણા અધિકાર ક્ષેત્રોના પેટન્ટ અને ટ્રેડમાર્ક કાયદા હેઠળ ઉપલબ્ધ એક વહીવટી પ્રક્રિયા છે. જે તૃતીય પક્ષોને પેન્ડિંગ અરજી અને માન્ય પેટન્ટની માન્યતાને ઔપચારિક રીતે પડકાર આપી શકે છે.

વિરોધી કાર્યવાહી પેટન્ટ્સના ખોટી રીતે મેળવેલ અને વ્યર્થ અથવા નાનકડી શોધના દાતાને રોકવા માટે રચાયેલ છે. પેટન્ટની પૂર્વ ગ્રાન્ટ અને પોસ્ટ ગ્રાન્ટ માટે ભારતીય પેટન્ટ એક્ટ હેઠળ પૂરા પાડતા કાયદા પેટન્ટની ગેરકાયદેસર ગ્રાન્ટને અવરોધવા માટે જરૂરી છે.

❖ **વિરોધભાસના કારણો :**

1. પૂર્વ પ્રકાશ
2. પૂર્વ જાહેર ઉપયોગ અથવા પૂર્વ જાહેર જાણકારી
3. સ્પ્ટતા અને સંશોધનાત્મક પગલાનો અભાવ
4. બિન પેટન્ટબિલિટી
5. વર્ણનની અપૂર્ણતા અને અસ્પષ્ટતા.

ભારતીય પેટન્ટ કાયદો બે પ્રકારના પેટન્ટ વિરોધી કાર્યવાહી પૂરી પાડે છે. પેટન્ટની ગ્રાન્ટ પહેલાની વિરોધી કાર્યવાહીને સામાન્ય રીતે પૂર્વગ્રાન્ટ કહેવામાં આવે છે.

## 4.3 ક્યારે નોંધણી ને રોકવું અથવા રદ કરવું :

આપણે 4.1 ના મુદ્દામાં કોઈ કે પેટન્ટ વિરોધભાસ અંતર્ગત પેટન્ટની નોંધણી પૂર્વ પણ અટકાવી શકાય છે. ત્યારે પછી જો નોંધણી થઈ ગઈ હોય તો પોસ્ટ વિરોધાભાસ પણ નોંધાવી શકાય છે. હવે પછીના તબક્કે જોઈએ છે કે આવી નોંધણી જો થઈ ગઈ હોય તો પોસ્ટ વિરોધભાસ પછી રદ કરી શકાય છે. તો કેવી રીતે રદ કરી શકાય અને તેના કારણો પણ સ્પષ્ટ રીતે જણાવવા જોઈએ.

પેટન્ટ એક્ટ 1977ની કલમ 72 હેઠળ કારણોમાં પેટન્ટ રદ થઈ શકે છે. જેમ કે, શોધ એ પેટન્ટેબલ શોધ જ ન હોય, દર્શાવવા મુજબમાં ની કોઈપણ આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં ન આવે તો પેટન્ટ રદ કરી શકાય છે. જેમ કે બીજું કારણ પેટન્ટ એવી વ્યક્તિને આપવામાં આવી હતી. કે જે પેટન્ટ મેળવવા ને હક્કદાર ન હતી.

**કારણો :-**

⇨ નવીનતા નો અભાવ

⇨ શોધ પગલાં

⇨ ઔદ્યોગિક ઉપયોગ

⇨ અપૂર્ણતા

પેટન્ટ એક્ટની કલમ 1(2) હેઠળ ઘણા મુદ્દાઓ લેવાયા છે જેના સંદર્ભ પેટન્ટની નોંધણી થઈ શકતી નથી જેમ કે..

⇨ શોધ, વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને ગાણિતિક પદ્ધતિઓ

⇨ કોઈ માનસિક કૃત્ય કરવા, રમત રમવા અથવા વ્યવસાય કરવા માટે, અથવા કમ્પ્યુટર માટેનો કોઈ કાર્યક્રમ, નિયમ અથવા પદ્ધતિ.

❖ **માહિતી રજૂઆત :**

પેટન્ટ આંશિક પણ માન્ય-અમાન્ય હોઈ શકે છે. એટલેકે કેટલાક દાવા અમાન્ય અને કેટલાકમાં માન્ય. કોર્ટપેટન્ટ અધિનિયમ 1977 ની કલમ 72 (4) અને કલમ 75 હેઠળ કોર્ટના સંતોષ માટે સ્પષ્ટીકરણમાં સુધારો ન કરે ત્યાં સુધી પેટન્ટ રદ કરી શકાય છે.

કલમ 99 મુજબ પેટન્ટ જો રાજ્ય વિરુદ્ધ કે જાહેર જનતાને નુકસાન, પહોંચાડતી હોય તો એવા સંજોગોમાં પણ કેન્દ્ર સરકારના મત મુજબ આવી પેટન્ટ રદ થવા પાત્ર જ હોય છે. અહીં ''રદબાતલ'' શબ્દનો અર્થ પેટન્ટને પ્રાપ્તિ કરાયેલ પેટન્ટ અધિકારોને રદ કરવો એવો થાય છે. પેટન્ટ રદ કરવાની અરજી કોઈપણ રસ ધરાવતી વ્યક્તિ કરી શકે છે. અથવા તો કેન્દ્ર સરકાર દ્વારા વણ લાગુ કરી શકાય છે. મોટાભાગના કેસોમાં હાઈકોર્ટમાં અથવા આઈ.પી.એ.બી (બૌદ્ધિક સંપત્તિ અપીલ બોર્ડ)માં પેટન્ટ ઉલ્લંઘન સુટ્સ વિરુદ્ધ કાઉન્ટર ક્લેઈમ પર રદ કરવામાં આવે છે. પેટન્ટ્સ રદ કરવાની જોગવાઈ કલમ 104 હેઠળ ઉલ્લેખિત છે.

એવી જ રીતે, જો ચિહ્ન ખોટી રીતે રજિસ્ટર્ડ થયેલ હોય અથવા ખોટી રીતે ટ્રેડમાર્ક રજિસ્ટરમાં બાકી હોય નારાજ થયેલ વ્યક્તિની અરજી પર ટ્રેડ માર્ક નોંધણી રદ ખુલ્લું મુકી શકે છે. વ્યથિત વ્યક્તિએ તે બતાવવું જરૂરી છે કે, આવું નિશાન ટ્રેડ માર્ક એક્ટ અથવા અન્ય કોઈ કાયદાના ઉલ્લંઘનમાં નોંધાયેલું છે.

રજીસ્ટર્ડ ટ્રેડ માર્કને સુધારવા અથવા રદ કરવા માંગતી કાર્યવાહી એક મૂળ કાર્યવાહી છે. તેથી પક્ષકારોએ એફિડેવિટ દ્વારા પુરાવા રજૂ કરવાના રહેશે. પુરાવાના અવક્ષયની ક્રોસ પરીક્ષાનું આધીન થઈ શકે. જો કે, વ્યવહારમાં પુરાવા એફિડેવિટને સાચા માનવામાં આવે છે. સિવાય કે કેટલીક સ્પષ્ટ અસંગતતા અથવા પરિબળ બતાવવામાં ન આવે તો દસ્તાવેજો અથવા નિવેદનો પર શંકા કરી શકાય છે.

જો માર્કની નોંધણીની તારીખથી 5 વર્ષ અને નોંધણી માટે અરજી ફાઈલ કરતા પહેલા ત્રણ માહિના પહેલાં ટ્રેડમાર્કનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. તો અસરમાં પરિણામ સ્વરૂપે કુલ ચિન્હોનો ઉપયોગ 5 વર્ષ અને 3 મહિનાના સમયગાળા માટે કરવામાં આવ્યો ન હોવાથી વ્યથિત વ્યક્તિ ટ્રેડમાર્ક રજિસ્ટર દૂર કરવા માટે અને નોંધણી સુધારણા માટે અરજી કરી શકે છે.

આમ જોયે તો ટ્રેડમાર્કમાં પણ રદ્દીકરણ માટેની સ્પષ્ટ જોગવાઈ દર્શાવવામાં આવી છે. જેના આધાર કાયદેસર પ્રક્રિયાથી ટ્રેડમાર્કનું રદ્દીકરણ થઈ શકે છે.

## 4.4 બૌદ્ધિક સંપત્તિ ઉલ્લંઘન અને દંડને અસર કરતા પરિબળ :

બૌદ્ધિક સંપત્તિ હક્કોનું ઉલ્લંઘન એટલે પેટન્ટ્સ, કોપીરાઈટ અને ટ્રેડમાર્કના સંદર્ભમાં ''ઉલ્લંઘન'' અને વેપારના રહસ્યોના સંદર્ભમાં ''ગેરરીતિ'' દિવાની કાયદા અને ફોજદારી કાયદાનું પણ ઉલ્લંઘન, બૌદ્ધિક સંપત્તિ કાયદાનું ઉલ્લંઘન કહી શકાય, જે બૌદ્ધિક સંપત્તિના પ્રકાર પર આધારિત છે, અધિકાર ક્ષેત્ર પર આધારિત છે અને ક્રિયાના પ્રકાર પર આધારિત છે જેનું ઉલ્લંઘન હજારો ડોલર ખર્ચના કારણે દંડ અને સજામાં પરિણામી શકે છે. બૌદ્ધિક સંપત્તિના ઉલ્લંઘનને ટાળવું એ તૃતીય-પક્ષની સામગ્રીના ઉપયોગની આસપાસનો શ્રેષ્ઠ પ્રયાસ છે.

ભારતમાં આઈ.પી.આર સુરક્ષા અને જાગૃતિ હજી મર્યાદિત છે. નવીનતાની સંસ્કૃતિને વધારવા માટે આને બદલવાની જરૂર છે. બૌદ્ધિક સંપત્તિ હક્કોનું રક્ષણ દેશના વિકાસ માટે

મહત્ત્વપૂર્ણ છે. કંપનીઓ અને વ્યક્તિઓ રચનાત્મક અથવા નવીનતાવાળા ઉત્પાદન અથવા સેવાના વિકાસ માટે વર્ષો અને વર્ષો વિતાવી શકે છે. જો બૌદ્ધિક સંપત્તિના માલિકો તેના રક્ષણની ખાતરી કરવામાં અસમર્થ હોય તો આ બધા પ્રયત્નો નિષ્ફળ થઈ શકે છે.

ઘણા લાંબા સમયથી ભારતમાં આ.પી.આરના મુદ્દાઓ અને પડકારો ખૂબ જ સઘન પરિસ્થિતિમાં છે. આ.પી.આર સંરક્ષણનું સ્તર ખૂબ નીચું હતું. નકલ, ચોરી, પાઈરેસી અને અન્ય આઈ.પી.આરના ઉલ્લંઘન પ્રચંડ હતા. જેના કારણે આઈ.પી. ચાર માલિકોને મોટું નુકસાન થયું હતું. ભારતના રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસ સાથે, બૌદ્ધિક સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને સુનિશ્ચિત કરવા માટે આઈ.આરનું રક્ષણ ખૂબ જ અગત્યનું અને આવશ્યક બન્યું.

❖ **આઈ.પી.આર. પડકારો :**

ભારતમાં આઈ.પી. આર. ની અસર મર્યાદિત છે. અને હાલમાં તેના પડકારોનો સામનો કરવો પડે છે. વર્ષોથી ચાલતા અધિકાર અને કોર્ટના કેસોના નબળા અમલીકરણને કારણે ઉલ્લંઘન ફેલાયેલું છે. ખાસ કરીને ફાર્માસ્યુટિકલ્સ કૃષિ જેવા ક્ષેત્રોમાં મોટા મલ્ટિનેશનલ કોર્પોરેશનો માટે આ બહુજ દુઃખની બાબત છે. ઉદાહરણ તરીકે, ભારત, ચાઈના, રશિયા, ઈન્ડોનેશિયા, સાઉદી અરેબિયા અને વેનેઝુએલા જેવા દેશોની સાથે અમેરિકન કંપનીઓના અધિકારના નબળા રક્ષણ માટે યુનાઈટેડ સ્ટેટ્સના વેપાર પ્રતિનિધિ 'અગ્રતા'ના સૂચિ પર છે.

ભારત સરકાર, કેટલાક કિસ્સાઓમાં ભારતીય નાગરિકોના હિતની સુરક્ષા માટે આઈ.પી.આર. લાગુ કરવા અનિચ્છા બતાવી રહી છે. ઉદાહરણ તરીકે, ફરજીયાત, પરવાનાની જોગવાઈ હેઠળ, સરકાર પેટન્ટના માલિકને દબાણ કરી શકે છે. અથવા કોઈ અન્ય વ્યક્તિને કટોકટીમા આવશ્યક દવા બનાવવા માટે દબાણ કરી શકે, બીજો વિવાદાસ્પદ મુદ્દો ભારતીય પેટન્ટ એક્ટની કલમ 6 છે, જે મોટા ફાર્મા કંપનીઓને 'સદાબહાર' કરતા અટકાવે છે. અથવા અગાઉના પેટન્ટમાં નાના ફેરફાર કરીને કાયમી ધોરણે પેટન્ટ ટાલુ રાખતા રોકે છે.

કૃષિ ક્ષેત્રમાં આઈ.પી.આર સુરક્ષા એ ભારતનો સંવેદનશીલ વિષય છે. ટ્રિપ્સ કરાર હેઠળ, કૃષિ પેદાશોના ન્યૂનતમ ટેકાના ભાવો અને ખાતર માટેના સબસિડી વગેરે તબક્કાવાર બનાવવી પડશે. અહી અન્ન સુરક્ષા અને આજીવિકાના મુદ્દાઓ સામેલ હોવાથી, રાજકીય પક્ષો આને ગમે ત્યારે જલ્દીથી થવા દેવાની સંભાવના નથી મલ્ટિનેશનલ કોર્પેરેશનો દ્વારા બિયારણના પેટન્ટ કરાવવા સામે પણ ખેડૂતોનો થોડો પ્રતિકાર થયો છે.

પરંપરાગત જ્ઞાન અને સદીઓથી પ્રાપ્ત સ્થાનિક ઉત્પાદનોના ઉપયોગથી ઉત્પાદનોને પેટન્ટની પહોંચ બહાર રાખવામાં આવી છે. પરંપરાગત જગ્યાએ ડિઝિટલ લાઈબ્રેરીમાં સરકારે આવા ઉત્પાદનો અને પ્રક્રિયાઓનો ડેટાબેસ બનાવ્યો છે.

➢ **સરકાર પહેલ - ભાવિ પગલાઓ :**

ભારતમાં આઈ.પી.આર. રક્ષણની અસરને પગલે સરકારે દેશમાં આઈ.પી.આર. શાસન વધારવાના પગલા તરફ દોરી છે. 2016માં રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ અધિકાર નીતિને મંજૂરી આપી. જે ભારતમાં બૌદ્ધિક સંપત્તિ માટે ભાવિ માર્ગદર્શિકા મૂકશે. તેનો હેતુ જાગરૂતતા વધારી, આઈ.પી.આર બનાવવા માટે ઉત્તેજીત કરવાનો છે. મજબૂત અને અસરકારક આઈ.પી.આર. કાયદા, નિવારણ, વહીવટનું આધુનિકીકરણ સહિતની બાબતોની ખાતરી કરાવી છે.

આ નીતિ હેઠળ, આઈ.પી.આર. જાગૃતિ, વેપારીકરણ અને અમલીકરણ આગળ

વધારવાના પગલાઓ ઉપરાંત આઈ.પી.આર. પ્રમોશન અને મેનેજમેન્ટ (સી.આઈ.પી.એ.એમ) માટે સેલ બનાવવામાં આવી હતી.

ભારતમાં આઈ.પી.આર. નું રક્ષણ કરવું એ એક અઘરું સૂચન હોઈ શકે છે. જ્યા જાગૃતિ ઓછી છે અને અમલીકરણ નબળું છે. પરંતુ નવીનતા અને વિકાસ માટે પેટન્ટ, ટ્રેડમાર્ક્સ અને કોપીરાઈટનું રક્ષણ કરવું આવશ્યક છે. જો કે ઔદ્યોગિક, વૈજ્ઞાનિક અને આર્થિક મોરચે ઝડપી પ્રગતિ થવા છતાં પણ આપણે ચીન જેવા દેશોથી પાછળ રહીએ છીએ. આ સારું આઈ.પી.આર સંરક્ષણ સર્જનાત્મકતા અને નવીનતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપશે અને ટૂંક સમયમાં જ આવા ઉલ્લંઘનો બંધ કરવામાં સહાયરૂપ થશે.

## 4.5 ભંગ (ઉલ્લંઘન)નો આધારહીન ભય :

જ્યારે ધમકીઓનો આધાર લીધા વિના એક પક્ષ બીજા પક્ષને કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપે છે. ત્યારે ધમકી આધારહીન બની જાય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ ઉલ્લંઘન ન થયું હોય ત્યાં ઉલ્લંઘન માટે દાવો કરવાની ધમકી આપવામાં આવે છે અથવા આઈ.પી.આર. અધિકાર અમાન્ય છે, તો તે ધમકીને પાયાવિહોણા હોવાનું માનવામાં આવે છે.

ઉલ્લંઘન કાર્યવાહીમાં મુકદમોની કિંમતનો સમાવેશ થાય છે તેવી સંભાવના સાથે કે તેના કારણે યોગ્ય સમયગાળામાં આપવામાં આવેલ કોઈપણ હંગામી હુકમથી મહેસૂલની ખોટ, રોજગાર ખોટ થાય છે અને ધંધામાં અનેક અન્ય અવરોધો થાય છે. તદુપરાંત, ઉલ્લંઘન કાર્યવાહીમાં તેની માત્ર સંભાવનાથી ધંધાનો અસરફળતા તરફ દોરી જાય છે. આમ, ઉલ્લંઘન કાર્યવાહી સાથે સંકળાયેલ ગંભીર અસરો અને પરિણામો ધ્યાનમાં રાખીને કોઈપણ વ્યક્તિને બિનજરૂરી રીતે ઉલ્લંઘનના આધારભૂત ધમકીઓનો ભંગ (ઉલ્લંઘન) બનવું જોઈએ નહીં, ઉલ્લંઘનના પાયા વગરની ધમકીઓનો દીવાની ખોટું અથવા ગુના તરીકે રાખવામાં આવ્યા છે.

પાયાવિહોણો ભય એ ગેરકાયદેસર ધમકી તરીકે જોડાયેલ ખતરો છે. જેના દ્વારા માલિક અથવા કોઈપણ વ્યક્તિ (કાનૂનને આધારે) કોઈપણ વાજબી આધાર વિના કાનૂની કાર્યવાહીથી બીજાને ધમકી આપે છે. આઈ.પી. કાયદા વ્યક્તિઓને ધમકીઓ અટકાવીને, ગેરવ્યાજબી ધમકીઓના ભોગ બનેલા લોકોને સુરક્ષા પુરી પાડે છે. આઈ.પી.આર. કાયદામાં આવી જોગવાઈઓના ઉદાહરણોમાં,

- ⇨ ધ કોપીરાઈટ એક્ટ 1957 કલમ 60
- ⇨ ધ ટ્રેડમાર્ક એક્ટ 1999, કલમ 142 અને
- ⇨ ભારતીય પેટન્ટ એક્ટ, 1970ની કલમ 106 સામેલ છે.

1. પેટન્ટ એક્ટ, 1970 હેઠળ રાહત :-

ભારતીય પેટન્ટ અધિનિયમ 1970ની કલમ 106માં પેટન્ટ ઉલ્લંઘનની ધમકીના કેસોમાં કોર્ટને રાહત આપવાની સત્તા છે. કોઈ અન્ય વ્યક્તિને પરિપત્રો અથવા જાહેરાતો અથવા વાતચીત દ્વારા મૌખિક અથવા પેટન્ટના ઉલ્લંઘનની કાર્યવાહીમાં લેખિત, એ નોંધવું અગત્યનું છે કે પેટન્ટના અસ્તિત્વની માત્ર સૂચના આ વિભાગના અર્થમાં આગળ વધવાનું જોખમ નથી ત્યાં પીડિત વ્યક્તિને નીચેની રાહત મળી શકે છે.

- ⇨ અસરની ઘોષણા કે ધમકીઓ ગેરવ્યાજબી છે.
- ⇨ ધમકીઓની સાતત્ય સામે હુકમ

⇨ આ કારણે જો કોઈ નુકસાન થયું હોય તો તેનું વળતર

આ બાબતે આઈ.પી.આર (આયાતી ચીજવસ્તુઓ)નો અમલીકરણ નિયમો 2007નો કલમ-4માં પણ વિશેષ જોગવાઈઓ દર્શાવવામાં આવી છે.

એલ.જી. ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયા પ્રા.લી.વિ. ભરત ભોગીલાલ પટેલ એન્ડ અધર્સના કેસમાં નામદાર અદાલતએ ઠરાવ્યું કે કસ્ટમ્સને ફરિયાદ અને કસ્ટમ્સ ઓથોરિટી દ્વારા મોકલાયેલી કારણદર્શક નોટિસ ઉપરોક્ત આઈ.પી.આર. (આયાત કરેલી ચીજો) અમલીકરણ નિયમ, 2007ની કલમના પ્રકાશમાં પેટન્ટ ઉલ્લંઘનની આધાર વગરની ધમકી છે.

## 4.6 કંપનીઓ દ્વારા બૌદ્ધિક સંપત્તિનું પાલન :

કંપનીઓ બૌદ્ધિક સંપત્તિ આઈ.પી. નો આદર કરશે અને ભારતીય પ્રજાસત્તાકના અધિકાર ક્ષેત્રમાં લાગુ પડતા આઈ.પી. સંબંધિત કાયદાઓનું પાલન કરી અન્ય કંપનીઓ સાથેના કરારો કરશે. કંપની સક્રિય રીતે તેના પોતાના આઈ.પી.નું પણ રક્ષણ કરશે.

પાલન એ કાયદાઓ અને નિયમોની કેટલીક ફરજીયાત જોગવાઈઓ સાથે સુસંગતતા સૂચવે છે. અન્યથા દંડ, કેસ, અમુક કાયદાકીય અધિકારોની ખોટમાં પરિણામે છે. આ પ્રકારના આઈ.પી. પાલનનો મુખ્યત્વે અર્થ એ થાય છે કે કંપનીઓ કહે છે અને કરે છે તે સંબંધિત કાયદા અને નિયમોનું પાલન કરશે.

### ❖ વ્યવસાય માટે બૌદ્ધિક સંપત્તિ માર્ગદશિકા :

આ મોડેલ બૌદ્ધિક-સંપત્તિ વ્યવસાયિકોને વ્યવહારિક આંતરિક નીતિઓને લાગુ કરવામાં સહાય માટે માર્ગદર્શિકા બનાવવામાં આવી છે. તેમની પોતાની બૌદ્ધિક સંપત્તિ આઈ.પી. અને અન્ય લોકોના સંરક્ષણને સુધારવા માટે અને આઈ.પી. કાયદાઓનું પાલન વધારવા જેથી સાથે સંકળાયેલા વ્યવસાય જોખમોને ઘટાડે છે.

➢ હવેના સમયમાં વર્ચ્યુઅલ રીતે મોટી અને નાની કંપનીઓ, દરેક ઉદ્યોગ વધુને વધુ આ માર્ગદર્શીકાનો ઉપયોગ કરે છે અને બૌદ્ધિક સંપત્તિ પર આધાર રાખે છે.

➢ વેપારી સમુદાયમાં બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરવા ''શ્રેષ્ઠ પ્રયાસો'' લાગુ કરવા માટે ખૂબ જ પ્રોત્સાહન છે

➢ આ મોડેલ બૌદ્ધિક સંપત્તિ માર્ગદર્શિકા વિવિધ ક્ષેત્રોમાં વિવિધ વ્યાપારમાં ઉપયોગી થવા માટે રચાયેલ છે.

➢ કંપની નીતિઓ અને કર્મચારી માર્ગદર્શિકા કંપનીની આંતરિક નીતિઓ બનાવવા આધાર તરીકે સીધી ઉપયોગ થઈ શકે છે અને દિશાનિર્દેશોની શરતો પણ કહી શકે છે. આઈ.પી. માલિકો અને સપ્લાયર્સ જેમ કે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સના કરારમાં સામેલ થવાની બાબત વિશે પણ માર્ગદર્શન આપી શકે છે.

➢ પાલન પ્રમાણપત્ર લેવા અથવા ખાસ ઉદ્યોગમાં સ્વૈચ્છિક અથવા ફરજીયાત હોવા છતા વ્યવહારનો ઉદ્યોગ કોડ લેવા માટે ઉપયોગી બને છે.

આ મોડેલ દિશા નિદેશોનો હેતુ ''જીવંત દસ્તાવેજ'' દ્વારા નવી તકનીકોના પડકારોના જવાબ આપવા વિકસિત કરવામાં સક્ષમ અને વૈશ્વીકરણ, રાજકીય અને આર્થિક વેપાર પર દબાણ માટેનો છે. આ દિશા નિર્દેશનનો સંતુલિત અભિગમ તરીકે બનાવાયેલ છે જે માલિકો, અન્ય હિસ્સેદારો, વ્યાપાર સમુદાય અને મોટા પાયે સમાજના

હક્ક અને હિતોને બૌદ્ધિક સંપત્તિ પદ્ધતિથી માન આપે છે.

❖ **માર્ગદર્શિકાના મુખ્ય હેતુઓ :**

⇨ નકલી અને ચાંચિયાગીરી અટકાવવા

⇨ બૌદ્ધિક સંપત્તિ (આઈ.પી) સંરક્ષણ પર બનેલ નવીન, સર્જનાત્મક અને આર્થિક પ્રવૃત્તિને ટેકો આપો.

⇨ બૌદ્ધિક સંપત્તિ કાયદાઓનું પાલન કરો.

⇨ સંચાલન પ્રથાઓનો અસરકારક અમલ કરાવવા

⇨ ઉલ્લંઘન સાથે સંકળાયેલા વ્યવસાયિક જોખમોનું સંચાલન કરવાનો

❖ **ફાયદાઓ :**

⇨ વ્યવસાયનું બજાર મૂલ્ય વધે છે.

⇨ વિચારોને નફાકારક સંપત્તિમાં ફેરવે છે.

⇨ ઉત્પાદનો અને સેવાઓનું બજાર વધારે છે.

⇨ વ્યવસાય માટે નાણાને વધારે છે.

⇨ વ્યવસાય માટે નિકાસની તક વધારે છે.

આમ આ પ્રકરણમાં આપણે બૌદ્ધિક સંપત્તિના વિરોધભાસ, રદ્દીકરણ, ઉલ્લંઘન અને દંડને અસર કરતા પરિબળો તેમજ હાલના સમયાં ભંગ (ઉલ્લંઘન)નો પાયાવિહોણો આધારહીન ભય અને કંપનીઓ દ્વારા બૌદ્ધિક સંપત્તિ પાલન માટે વ્યવસ્થા વિશે ખૂબ ઉંડાણપૂર્વક ચર્ચા કરી જે બૌદ્ધિક સંપત્તિનો અગત્યતા, આવતા સમયમાં રક્ષણે સાથે સંશોધન નવીનતા અને શોધ ને વેગ આપી બૌદ્ધિક ધનનો દેશના આર્થિક સામાજીક વિકાસમાં મહત્તમ ઉપયોગ કરી અને બુદ્ધિધનનું વિદેશીગમન ટાળી અહીં જ સમાવી લેવાનો આશય છે.

## 4.7 સારાંશ :

